સુવિચાર

જીવન સરળ બનાવવા માટે બે વસ્તુની ગણતરી છોડી દો પોતાનું દુઃખ અને બીજાનું સુખ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




વિજયભાઇ રૂપાણીની મેયરથી માંડી મુખ્યમંત્રી સુધીની સફર P-4

Year-16, Issue-57 ■ DATE : 13-06-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# અમદાવાદ પ્લેન દુર્ઘટનાને પગલે દેશભરમાં માતમ

## ૨૬૫ મૃતદેહોનું DNA સેમ્પલિંગ શરૂ કરાયું: રેસ્કયુ ઓપરેશન પુરૂ: વિમાનનું બ્લેક બોકસ મળ્યું, નાગરિક ઉડયન મંત્રાલયે પણ વિમાન દુર્ઘટનાની તપાસ શરૂ કરી: ત્રણ મૃતદેહો શોધાયા



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુરુવારે ગુજરાતના અમદાવાદમાં બનેલી ભયાનક દુર્ઘટનાએ દેશના દરેક વ્યક્તિને શોકમાં ડૂબાડી દીધો છે. એર ઇન્ડિયાનું ડ્રીમલાઇનર વિમાન અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના થોડી મિનિટો પછી ખૂબ જ ખતરનાક રીતે ક્રેશ થયું. આ જીવલેણ વિમાન દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૬૫ લોકોના મોતની પુષ્ટિ થઈ છે. મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ જે બિલ્ડિંગમાં વિમાન ક્રેશ થયું હતું ત્યાં બપોરનું ભોજન કરી રહ્યા હતા, તેઓ પણ અકસ્માતનો ભોગ બન્યા. વિમાન દુર્ઘટનાનું દ્રશ્ય એટલું ભયાનક છે કે જેણે પણ તેને જોયું તે ચોંકી ગયું. લોકોના મળતદેહ ઘણા ભાગોમાં વિખેરાયેલા હતા, લોકોના મૃતદેહ એટલા ખરાબ રીતે બળી ગયા હતા કે તેમની ઓળખ પણ થઈ શકી ન હતી, તેથી ડીએનએ પરીક્ષણનો આશરો લેવામાં આવી રહ્યો છે. વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા, જેમાં ૨૩૦ મુસાફરો, ૧૦ ક્રૂ અને બે અનુભવી પાઈલટનો સમાવેશ થાય છે. વિમાનમાં સવાર ફક્ત એક જ મુસાફર ચમત્કારિક રીતે બચી ગયો હતો, જે હવે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

રેસ્કયુ ઓપરેશન બંધ કરાયું છે જયારે બીજી તરફ મૃતદેહોના ડીએનએ સેમ્પલીંગની કામગીરી શરૂ કરાઈ છે. દેશભરમાં આ ઘટનાને લઈ માતમ છવાયો છે. ૨૬૮ મૃતદેહોનું પોસ્ટ મોર્ટમ કરાયું છે.

આ વિમાન સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં જ બીજેડી મેડિકલ કોલેજની હોસ્ટેલની ઈમારતમાં તૂટી પડ્યું હતું. જેના બાદ પ્રચંડ વિસ્ફોટ થતાં વિમાનમાં સવાર તમામ ૨૪૨ લોકો અને હોસ્ટેલ તથા કેન્ટીન તથા આજુબાજુના વિસ્તારમાં હાજર લોકો તેની લપેટમાં આવતા લગભગ ૨૬૫ લોકોના મોત નીપજ્યાં છે. આ તમામ લોકોના મળતદેહ સિવિલ હોસ્પિટલમાં લાવી દેવાયાની જાણકારી અમદાવાદ પોલીસના ડેપ્યુટી કમિશનર દેસાઈએ આપી હતી. વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના મળતદેહો પરિજનોને સોંપવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. વડાપ્રધાન મોદી પણ ઘટના સ્થળે પહોંચી ગયા હોવાની જાણકારી મળી રહી છે.

અગાઉ, અકસ્માતનો ભોગ બનેલા બોઈંગ વિમાનનું બ્લેક બોક્સ મળી આવ્યું છે. હવે આ બોક્સની મદદથી, અકસ્માત પાછળનું સાચું કારણ બહાર આવશે. અમદાવાદમાં થયેલી હવાઈ દુર્ઘટનાની ઘટનાની ઔપચારિક તપાસ નાગરિક ઉડ્ડયન મંત્રાલયના એરક્રાફ્?ટ એક્સિડેન્ટ ઇન્વેસ્ટિગેશન બ્યુરો એ શરૂ કરી છે. સંયુક્ત રાષ્ટ્રની એજન્સી, ઇન્ટરનેશનલ સિવિલ એવિએશન ઓર્ગેનાઇઝેશન દ્વારા નિર્ધારિત આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ અનુસાર તપાસ હાથ ધરવામાં આવી રહી છે. હવાઈ દુર્ઘટનાની તપાસ કરવા માટે ICAO ના મેન્યુઅલ શું કહે છે - અકસ્માત તપાસ સત્તામંડળને તપાસ કરવામાં સ્વતંત્રતા રહેશે અને તેના આચરણ પર અમર્યાદિત અધિકાર હશે. તપાસમાં સામાન્ય રીતે નીચેનાનો સમાવેશ થશે.

૧) અકસ્માત અથવા ઘટના અંગેની તમામ સંબંધિત માહિતી એકત્રિત કરવી, રેકોર્ડ કરવી અને વિશ્લેષણ કરવું. ૨) ચોક્કસ અકસ્માત અને ઘટના તપાસ રેકોર્ડ સુરક્ષિત કરવા. ૩) જ્યાં શક્ય હોય ત્યાં, અકસ્માત સ્થળની મુલાકાત લેવી, કાટમાળની તપાસ કરવી અને સાક્ષીઓના નિવેદનો લેવા.

ગુરુવારે બપોરે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ઉડાન ભર્યા પછી એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન મેઘનગર વિસ્તારમાં ક્રેશ થયું હતું. લંડન-ગેટવિક જતી AI-૧૭૧ ફ્લાઇટમાં ૨૩૦ મુસાફરો અને ૧૨ ક્રૂ સભ્યો હતા, જેમાં ૧૬૯ ભારતીયો, ૫૩ બ્રિટિશ, સાત પોર્ટુગીઝ અને એક કેનેડિયન નાગરિકનો સમાવેશ થાય છે. એર ઈન્ડિયાએ પુષ્ટિ આપી છે કે આ અકસ્માતમાં ૨૪૧ લોકોના મોત થયા છે, જ્યારે સીટ ૧૧A પર બેઠેલા ૩૮ વર્ષીય બ્રિટિશ નાગરિક રમેશ વિશ્વકુમાર બુચરવારા ચમત્કારિક રીતે બચી ગયા છે. વિમાને બપોરે ૧૩૮ વાગ્યે ઉડાન ભરી હતી અને એક મિનિટ પછી પાયલટે મે ડે કોલ જારી કર્યો હતો, જેના પછી સંપર્ક તૂટી ગયો હતો. વિમાન બીજે મેડિકલ કોલેજના હોસ્ટેલ સાથે અથડાયું હતું, જેમાં ૩૦-૩૫ વધુ લોકોના મોત થયા હતા. NDRFની છ ટીમો બચાવ કામગીરીમાં રોકાયેલી છે.

# વડાપ્રધાન મોદી અમદાવાદમાં : દુર્ઘટના સ્થળની મુલાકાત લઇ હોસ્પિટલમાં ઘાયલોને મળ્યા





## પુર્વ સીએમ વિજયભાઈ રૂપાણીના પરિવારને મળી સાંત્વના પાઠવી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ ગઈકાલે સર્જાયેલી વિમાની દુર્ઘટનાના પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સવારે અમદાવાદ આવી પહોંચ્યા હતા અને તેઓએ કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ઉચ્ચ અધિકારીઓ સાથે દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી અને તેઓએ કઈ રીતે આ દુર્ઘટના સર્જાઈ તેનો ચિતાર મેળવ્યો હતો.

વડાપ્રધાને ગઈકાલે જ બપોરે આ ઘટનાના પગલે નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુ ને અમદાવાદ પહોંચવા જણાવ્યુ હતું અને બાદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ પણ અમદાવાદ પહોંચ્યા હતા. મોદીએ દિવંગતોના પરિવાર પ્રત્યે પણ સંવેદનાનો સંદેશ આપ્યો હતો.

આજે સવારે વડાપ્રધાન અમદાવાદ વિમાની મથકે પહોંચ્યા હતા અને સીધા દુર્ઘટના સ્થળ પર જવા રવાના થયા હતા. વડાપ્રધાન એ બાદમાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જે આ દુર્ઘટનામાં એકમાત્ર જીવિત મુસાફર છે. તેની મુલાકાત લીધી હતી તથા સારવારની વિગતો મેળવી હતી.

બાદમાં આ વિમાન જયાં તૂટી પડયુ તે સ્થળે મેડીકલ કોલેજ હોસ્ટેલ અને તેની આસપાસના લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેની પણ મુલાકાત લીધી હતી. બાદમાં સર્કિટ હાઉસ ખાતે શ્રી મોદીએ એક ઉચ્ચ કક્ષાની બેઠક યોજી હતી.

જેમાં એવીએશન એરઈન્ડીયા તથા એરપોર્ટના સીનીયર અધિકારીઓ હાજર હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્ર યાદવ અને નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.


મોદી બાદમાં આજે જ લંડનથી અમદાવાદ પહોંચેલા સ્વ. વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન તથા અન્ય પરિવારજનોને ગાંધીનગરમાં મળ્યા હતા તથા પોતાની સંવેદના દર્શાવી હતી. આ ઘટના અંગે નાગરિક ઉડ્ડયન વિભાગની ઉચ્ચ કક્ષાની તપાસ ટીમ પણ ગઈકાલે રાત્રીનાજ અમદાવાદ પહોંચી ગઈ છે અને અહી તપાસનો હવાલો સંભાળી લીધો છે.

# દિવંગત વિજયભાઇ રૂપાણીની અંતિમવિધિ રાજકોટમાં થશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દિવંગત વિજય રૂપાણીની અંતિમ વિધીનો નિર્ણય પુત્રના આવ્યા બાદ લેવાશે. પુત્ર ઋષભ અમેરિકાથી વતન પરત આવવા માટે રવાના થઈ ગયા છે. અંતિમ વિધી રાજકોટ કરવી કે ગાંધીનગર તે અંગે પુત્ર ઋષભ આવ્યા બાદ નિર્ણય કરાશે. અગાઉ આજે સવારે જ અંજલિબેન રૂપાણી અમદાવાદ આવ્યા હતા. તેઓ હાલમાં તેમના ગાંધીનગર ખાતેના નિવાસસ્થાને હાજર છે.

હાલમાં દિવંગત વિજય રૂપાણીના ગાંધીનગર ખાતેના નિવાસસ્થાને પરિવારજનોને સાંત્વના આપવા માટે રાજકીય નેતાઓ અને પરિવારજનો પહોંચી રહ્યા છે.



વિજયભાઈ રૂપાણીની અંતિમ વિધિ રાજકોટમાં થશે. ૩ દિવસ બાદ અંતિમ વિધિ થવાની શક્યતા. પુત્ર ઋષભ આવતીકાલે સવારે ૪ વાગ્યે આવશે. DNA મેચ થયા બાદ પરિવાર રાજકોટ આવશે.

મંત્રી મુળુભાઈ બેરા, કુંવરજી બાવળિયા, કુબેર ડિંડોર, ભાનુબેન બાબરીયા, રાજ્યસભા સાંસદ મયંક નાયક દિવંગત વિજય રૂપાણીના ગાંધીનગર સ્થિત બંગલે પહોંચ્યા છે.

પીએમની સાથે હર્ષ સંઘવી, સી.આર.પાટીલ અને રામમોહન નાયડુએ અંજલિ રૂપાણીને સાંત્વના આપી.

# ઈરાન પર ઈઝરાયલના હુમલાને કારણે શેરબજારમાં ગાબડું

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ઈરાન પર ઈઝરાયલના હુમલાને કારણે વૈશ્વિક બજારોમાં ભારે વેચવાલી જોવા મળી રહી છે. ડાઉ ફ્યુચર્સ ૬૦૦ પોઈન્ટથી વધુ ઘટ્યા છે. એશિયન બજારોમાં પણ તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. GIF નિફ્ટી ૧૭૫ પોઈન્ટ ઘટ્યો છે. ગઈકાલે, ભારતીય બજારોમાં રોકડ અને ફ્યુચર્સ બંનેમાં FII દ્વારા ભારે વેચવાલી જોવા મળી હતી. દરમિયાન, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે બ્લોક વિન્ડોમાં એશિયન પેઇન્ટ્સના ૩.૫ કરોડ શેર વેચ્યા હતા. સોદાનું મૂલ્ય રૂ. ૭,૭૦૦ કરોડ છે. SBI મ્યુચ્યુઅલ ફંડે RIL પાસેથી બધા શેર ખરીદ્યા છે. .

કાચા તેલના ભાવમાં ૭.૫%નો વધારો થયો. બ્રેન્ટ ક્રૂડનો ભાવ પ્રતિ બેરલ ૭૫ ની નજીક પહોંચી ગયો છે. સોનાના ભાવ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા. યુએસ ડોલર ઇન્ડેક્સ ફરીથી ૯૮ ની ઉપર ટ્રેડ કરી રહ્યો છે. ડાઉ ફ્યુચર્સ ૬૦૦ પોઈન્ટ સુધી ઘટ્યો છે વૈશ્વિક તણાવ વચ્ચે, આજે ભારતીય બજારોમાં પણ ભારે વેચવાલી જોવા મળી રહી છે. સેન્સેક્સ ૯૬૫.૭૧પોઈન્ટ એટલે કે ૧.૧૬ ટકાના ઘટાડા સાથે ૮૦,૭૪૩.૧૨ પર ટ્રેડ કરી રહ્યો છે, જ્યારે નિફ્ટી ૨૯૮.૭૦ પોઈન્ટ એટલે કે ૧.૨૧ ટકાના ઘટાડા સાથે ૨૪,૫૫૦ની નીચે ટ્રેડ કરી રહ્યો છે

ડોલર સામે રૂપિયામાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. ડોલર સામે રૂપિયો ૫૪ પૈસા નબળો ખુલ્યો. ડોલર સામે રૂપિયો ૮૬.૧૪ પર ખુલ્યો જ્યારે ગુરુવારે રૂપિયો ૮૫.૬૦ પર બંધ થયો.

# અમદાવાદમાં પ્લેન ક્રેશ બાદ હવે થાઈલેન્ડમાં એર ઈન્ડિયાની ફલાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ

**મુખ્ય સમાચાર, બેંગકોક**

અમદાવાદમાં એર ઈન્ડિયાની ફ્લાઈટ ક્રેશ થયા બાદ આજે થાઈલેન્ડમાં એર ઈન્ડિયાની ફ્લાઈટનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળતાં આજે શુક્રવારે ફૂકેટ એરપોર્ટ પર એર ઈન્ડિયાની ફ્લાઈટ તાત્કાલિક ધોરણે લેન્ડ થઈ હતી.

ફૂકેટ એરપોર્ટના અધિકારીઓએ જણાવ્યા પ્રમાણે, એર ઈન્ડિયાની ફૂકેટથી દિલ્હી જઈ રહેલી AI 379 ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળતાં તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. આ પ્લેનમાં ૧૫૬ મુસ-ાફરો સવાર હતા. તમામને સુરક્ષિત નીચે ઉતારવામાં આવ્યા છે.



ફ્લાઈટ ટ્રેકર ફ્લાઈટટ્રેડ૨૨૪ અનુસાર, આ ફ્લાઈટ ફૂકેટ એરપોર્ટથી દિલ્હી આવવા રવાના થઈ હતી. પરંતુ અચાનક અંદામાન દરિયાથી પરત ફરી થાઈ આઈલેન્ડ ફૂકેટ એરપોર્ટ પર પરત ફરી હતી. એરપોર્ટ્સ ઓફ થાઈલેન્ડના સત્તાધીશોએ જણાવ્યું કે, વિમાનની ઉડાન બાદ ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી મળી હતી. જેથી સુરક્ષાના માપદંડોને ધ્યાનમાં લેતાં પ્લેનનું પાછું ફુકેટ એરપોર્ટ પર લેન્ડિંગ કરાવ્યું હતું. ઉલ્લેખનીય છે, એ બોમ્બની ધમકી વિશે વધુ માહિતી આપી નથી.

અમદાવાદમાં ગઈકાલે એર ઈન્ડિયાનું પ્લેન ક્રેશ થયુ હતું. અમદાવાદથી લંડન જતી ફ્લાઈટ ટેકઓફ થતાં જ વૃક્ષ અને બિલ્ડિંગ સાથે ધડકાભેર અથડાઈ હતી. જેમાં સવાર ૨૨૯ મુસાફરો, બે પાયલોટ અને ૧૦ ક્રૂ સભ્યોના નિધન થયા હતાં. માત્ર એક જ મુસાફર જીવ બચાવવામાં સફળ રહ્યો હતો. આ વિમાન બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર મૉડલ હતું. આ ૧૧ વર્ષ જૂનું વિમાન અગાઉ એક મહિના પહેલાં પણ ટેક્નિકલ ખામીના કારણે ઉડાન ભરી શક્યુ ન હોવાના અહેવાલો મળ્યા છે.

# મિડલ ઈસ્ટની એર સ્પેસ બંધ થતા મુંબઈ-લંડનની એર ઈન્ડિયાની ફ્લાઈટ પરત લાવવી પડી

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ગઈકાલે અમદાવાદમાં એર ઈન્ડીયાની ફ્લાઈટની ક્રેશની ઘટના બાદ આજે બીજા દિવસે મુંબઈથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ લંડન પહોંચ્યા વિના પાછી ફરતા અફડાતફડી મચી ગઈ હતી.

પહેલા તો એવું કારણ બહાર આવેલુ કે ટેકનિકલ ખામીના કારણે ફ્લાઈટ પાછી આવી પણ બાદમાં જાહેર થયું કે ઈઝરાયેલે ઈરાન પર હુમલો કરતા મિડલ ઈસ્ટે તેનું એર સ્પેસ બંધ કરી દેતા ફ્લાઈટ પાછી આવી હતી. મિડલ ઈસ્ટે એર સ્પેસ બંધ કરતા એર ઈન્ડિયાએ તેની અન્ય અનેક ફ્લાઈટ પાછી બોલાવી લીધી હતી કે ડાયવર્ટ કરી હતી.

આ અંગે વધુમાં જાણવા મળતી વિગત મુજબ ગઈકાલે અમદાવાદમાં એર ઈન્ડિયાની લંડન જતી ફ્લાઈટ દુર્ઘટનાગ્રસ્ત બન્યાના આજે બીજા દિવસે સવારે મુંબઈથી લંડન જતી





એર ઈન્ડિયાની ફ્લાઈટ લંડન પહોંચ્યા વિના પાછી ફરી હતી. ઉડાન ભર્યાના કેટલાક સમય બાદ જ હાઈડ્રોલિક સિસ્ટમમાં ટેકનીકની ગરબડની સૂચના બહાર આવી હતી.

જો કે બાદમાં જાહેર થયુ હતું કે ઈઝરાયેલે ઈરાન પર હુમલો કરતા મિડલ ઈસ્ટે તેનું એર સ્પેસ બંધ કરી દીધુ હતું. ફ્લાઈટ જયારે ઈરાની એરસ્પેસ પાસે પહોંચી તો પાયલોટે એરટ્રાફિક કંટ્રોલરનો સંપર્ક કરી પરત ફરવાનો નિર્ણય લીધો હતો. વિમાને મુંબઈ એરપોર્ટના આકાશ પર કેટલીકવાર સુધી ચક્કર લગાવવા પડયા હતા. બાદમાં સુરક્ષિત લેન્ડીંગ કરાવાયું હતું.

# ઈરાને ઈઝરાયલ પર કર્યો વળતો પ્રહાર, ૧૦૦થી વધુ ડ્રોન વડે કર્યા હુમલા, IDFનો તોડી પાડ્યાનો દાવો

**મુખ્ય સમાચાર, ઈઝરાયલ**

ઈઝરાયલના હુમલાનો વળતો જવાબ આપતાં ઈરાને ઈઝરાયલ પર ૧૦૦થી વધુ ડ્રોન વડે હુમલો કર્યો છે. ઈરાને પણ ઈઝરાયલની ડિફેન્સ સિસ્ટમને ટાર્ગેટ બનાવતાં ડ્રોન વડે હુમલો શરૂ કર્યો છે. ઈરાનના તહેરાનમાં સ્થિત પરમાણુ કેન્દ્રો અને સૈન્ય મથકો પર ઈઝરાયલના હુમલા બાદ ઈરાને વળતો પ્રહાર કર્યો છે. ઈરાને ઈઝરાયલની તમામ ડિફેન્સ સિસ્ટમને ટાર્ગેટ બનાવી હોવાના અહેવાલ મળ્યા છે. જ્યારે ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે (IDF) આ તમામ ડ્રોનને તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સ અનુસાર, ઈરાન દ્વારા છોડવામાં આવેલા ૧૦૦ ડ્રોનને તોડી પાડવામાં આવ્યા છે. ઈરાનના હુમલાને નિષ્ફળ બનાવવા



૨૦૦ ઈઝરાયલી ફાઈટર જેટ સક્રિય છે. બીજી તરફ ઈરાન ડિફેન્સ ફોર્સે ઈઝરાયલની તમામ ડિફેન્સ સિસ્ટમને ટાર્ગેટ બનાવી હુમલા શરૂ કર્યા છે.

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ જણાવ્યા અનુસાર, ઈરાનની ન્યૂક્લિયર પ્રોગ્રામ માટેની તૈયારીઓને ધ્યાનમાં લેતાં ઈઝરાયલે સૈન્ય ગતિવિધિઓમાં વધારો કર્યો છે. ઈરાનના આ પરમાણુ હુમલાથી વિશ્વમાં ગંભીર અસરો થવાની ભીતિ પણ સર્જાઈ છે. ઈઝરાયલે ગઈકાલે રાત્રે ઈરાનના વિવિધ સ્થળો પર હુમલા કર્યા હતાં. જેમાં ઈરાનના આર્મી ચીફ મોહમ્મદ બઘેરી અને કમાન્ડર ઈન ચીફ હુસૈન સલામી માર્યા ગયા હોવાનો દાવો ઈઝરાયલે કર્યો હતો.

ઈરાન-ઈઝરાયલ વચ્ચે ફરી એકવાર ભીષણ યુદ્ધ થવાનો સંકેત ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉથી જ આપી દીધો હતો. તેમણે આ મધ્ય-પૂર્વીય દેશોમાં વસતાં પોતાના નાગરિકો અને દૂતાવાસના કર્મચારીઓને પરત અમેરિકા ફરવા નિર્દેશ આપ્યો હતો.

# લાંબા સમયથી બંધ બેંક ખાતા અને દાવો ન કરાયેલી થાપણો ફરીથી ખોલી શકાશે

## રિઝર્વ બેંકે KYC નિયમોને સરળ બનાવ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એ ગુરુવારે KYC નિયમોને વધુ સરળ બનાવતા નવા માર્ગદર્શિકા જારી કર્યા છે જેથી બેંક ખાતાધારકો તેમના લાંબા સમયથી બંધ ખાતા અને દાવો ન કરાયેલી થાપણો ફરીથી ખોલી શકે.

આ નિયમો અનુસાર, હવે ગ્રાહકને ખાતું ફરીથી ખોલવા માટે તે જ શાખામાં જવાની જરૂર નથી જ્યાં ખાતું ખોલવામાં આવ્યું હતું. KYC અપડેટ હવે કોઈપણ બેંક શાખામાંથી કરી શકાય છે, પછી ભલે તે હોમ બ્રાન્ચ હોય કે ન હોય.





આ સાથે, ગ્રાહકો હવે વીડિયો કોલ દ્વારા પણ KYC કરી શકે છે. આને વીડિયો-ગ્રાહક ઓળખ પ્રક્રિયા કહેવામાં આવે છે. આ સુવિધા ખાસ કરીને વૃદ્ધો, ગર્છ્ઈ અને ગ્રામીણ વિસ્તારોના લોકો માટે ફાયદાકારક છે. KYC બાકી હોય તો પણ વ્યવહારોની મંજૂરી છે.

ગુરુવારે જારી કરાયેલા એક નોટિફિકેશનમાં, રિઝર્વ બેંકે જણાવ્યું હતું કે હવે બેંકિંગ કોરસપોન્ડન્ટસને KYC અપડેટ અથવા સમયાંતરે અપડેટ કરવાની મંજૂરી છે. રિઝર્વ બેંકે એમ પણ કહ્યું હતું કે KYC અપડેટ પ્રક્રિયાનું પાલન કરવા માટે બેંકોએ ગ્રાહકોને ઓછામાં ઓછા એક વખત પત્ર દ્વારા અને ઓછામાં ઓછા ત્રણ આગોતરા નોટિસ દ્વારા જાણ કરવી પડશે.

રિઝર્વ બેંકે બેંકો અને NBFCને નિર્દેશ આપ્યો છે કે તેઓ કહેવાતા ઓછા જોખમવાળા ગ્રાહકો પાસેથી તમામ વ્યવહારોને મંજૂરી આપે, ભલે તેમનું KYC બાકી હોય. આ ગ્રાહકો પાસે તેમના KYC અપડેટ કરવા માટે ૩૦ જૂન, ૨૦૨૬ સુધીનો સમય છે.

# જામનગરમાં પેટ્રોલ પંપના ભાગીદારોમાં હિસાબના ગોટાળા મામલે પડી તકરાર , ૨૮ લાખની છેતરપિંડી કર્યાની પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક મોટી બાણુગાર ગામમાં રહેતા અને પેટ્રોલ પંપ ચલાવતા પેટ્રોલ પંપ સંચાલકે પોતાના જ ભાગીદાર સામે હિસાબમાં ગોટાળા કરી રૂપિયા ૨૮ લાખ જેવી રકમ પચાવી પાડવા અંગેની ફરિયાદ પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસે છેતરપિંડીનો ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગર નજીક મોટી બાણુગાર ગામમાં રહેતા અને ખેતી કામ કરતા કુંવરજીભાઈ અમૃતલાલ ભેસદડીયા, કે જેઓની સર્વે નંબર ૪૩૯ વાળી જમીન મોટી બાણુગાર ગામમાં આવેલી છે, જ્યાં તેઓએ ભાગીદારીમાં શિવ શક્તિ પેટ્રોલિયમ નામનો પેટ્રોલ પંપ કર્યો હતો.જેમાં પોતાની ૩૦ ટકા ભાગીદારી હતી, જ્યારે આ પેઢીમાં તેની સાથે કાળુભા માનસંગજી પરમાર, ઉપરાંત રાજસીભાઈ ખીમાભાઈ ઓડેદરા અને દીલસુખભાઈ પરસોત્તમભાઈ મારવાણીયા વગેરે ભાગીદારો હતા, અને આ પેટ્રોલ પંપ ચલાવવાની જવાબદારી કાળુભા પરમાર નામના ભાગીદારના પુત્ર તીર્થરાજસિંહ પરમારને ભાગે આવી હતી, અને તે વહીવટ ચલાવતા હતા.જેઓની તપાસ દરમિયાન પેટ્રોલ પંપમાં ૧,૭૮,૪૫,૭૧૨ ના નફા સાથેની મૂડીમાં તીર્થરાજ સિંહે અમોને હિસાબ આપ્યો હતો, જે પૈકી પૈકી ૧,૫૦,૨૧,૩૨૯ ની રકમ જમા દર્શાવી હતી. જ્યારે બાકીની ૨૮,૨૪,૩૮૩ની રકમ દર્શાવી ન હતી, અને પોતાના અંગત ઉપયોગમાં વાપરી નાખી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. જેથી આ મામલો પોલીસમાં લઈ જવાયો હતો.સૌ પ્રથમ એસ.પી.ને અરજી કરવામાં આવી હતી, તેની તપાસ પંચકોશી એ.ડિવિઝનના પી.આઈ. એન.એન.શેખ અને તેઓની ટીમને સોંપવામાં આવી હતી, અને આ સમગ્ર પ્રકરણમાં ૨૮ લાખથી વધુની છેતરપિંડી થઈ હોવાનું સામે આવતા તીર્થરાજસિંહ પરમાર સામે ચીટીંગની ફરિયાદ નોંધાવાઈ છે. જે આરોપીને પોલીસ શોધી રહી છે.

# જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં રૂ.૨.૪૯ કરોડના વિકાસ કામોને મંજૂરી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂ. ૨. ૪૯ કરોડના ખર્ચને બહાલી અપાઈ હતી. અને તેમાં સાંઢીયા પુલ પાસે સેન્ટ્રલ લાઈટિંગ માટે રૂપિયા ૮૧ લાખના ખર્ચને મંજૂરી મળી ગઈ હતી.જામનગર મહાનગર પાલિકાની આજે મફેલી સ્ટેન્ડિંગ કમિટી બેઠકમાં માટે રૂ. ૨ કરોડ ૪૯ લાખના વિવિધ ખર્ચને બહાલી આપવામાં આવી હતી. સાંઢીયા પુલ રેલવે ઓવરબ્રિજ સુધી સર્વિસ રોડ અને સ્ટેટ હાઈવેના સેન્ટ્રલ સેપરેટર પર સેન્ટ્રલ લાઈટિંગ વર્કના કામ માટે રૂપિયા ૮૧ લાખ ૧૭ હજારના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે.જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની બેઠક ચેરમેનના અધ્યક્ષ સ્થાને મળેલ હતી. જેમાં કુલ ૧૨ સભ્યો ઉપરાંત ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા સિટી એન્જીનિયર ભાવેશભાઈ જાની, ઈચા, આસી. કમિશનર (ટે.) જીજ્ઞેશ નિર્મલ ઉપસ્થિત રહ્યા હતા.વર્ષ ૨૦૨૫ માટે ભાડાથી બોકસ લોડર, ડમ્પર, એકસકેવેટર (હીટાચી) તથા ટ્રેકટર વીથ ટ્રોલી સપ્લાય કરવાના કામ અંગે કમિશનરની રજુ થયેલ દરખાસ્ત અન્વયે રૂ. ૪૬ લાખ, પંચકોશી ''બી'' ડિવિઝન પોલીસ સ્ટેશનથી સાંઢીયા પુલ રેલ્વે ઓવરબ્રિજ સુધી સર્વિસ રોડ અને સ્ટેટ હાઈવેના સેન્ટ્રલ સેપરેટર પર સેન્ટ્રલ લાઈટીંગ વર્ક અંગે રૂ. ૮૧.૧૭ લાખ, વર્ષ ૨૦૨૫-૨૬ દરમ્યાન સિવિલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) માં સ્ટ્રેન્ધનિંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફિક વર્કસના કામ અંગે રૂ. ૫ લાખ, સિવિલ નોર્થ ઝોન (વોર્ડ નં. ૨, ૩ અને ૪) માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગટર વર્કસના કામ માટે રૂ. ૧૦ લાખ, સિવિલ સાઉથ ઝોન (વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬)માં સ્ટ્રેન્ધનિંગ એન્ડ અપગ્રેડેશન ઓફ રોડ વર્કસ (મેટલ, મોરમ, ગ્રીટ સપ્લાય કરી પાથરી આપવાનું કામ)ના કામ અંગે રૂ. ૭.૫૦ લાખ મંજૂર ખર્ચ મંજૂર કરવામાં આવ્યું હતું.વોર્ડ નં. ૧૬માં કિર્તીપાનથી સરદાર પાર્કથી વૃંદાવન પાર્ક બોકસ કેનાલ સુધી સ્ટ્રોમ વોટર પાઈપ ટ્રેનેજના કામે વોર્ડ નં. ૧૬માં વસંત વાટીકા સોસાયટીમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ બનાવવાના કામ અંગે રૂ. ૧૭.૮૯ લાખ, સમર્પણ અને પમ્પહાઉસ હેઠળ આવતા વિસ્તારોમાં વોટર ટેન્કર મારફત પાણી વિતરણ કરવાના કામ અંગ રૂ. ૮૦.૪૮ લાખ, સોલેરીયમ ઝોન વિસ્તારમાં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ એકઝીસ્ટીંગ વોટર પાઈપ લાઈન નેટવર્ક તથા નવી આર.સી.સી./બ્રિક મેશનરી વાલ્વ ચેમ્બર બનાવવાના કામ માટે રૂ.૧.૩૬ લાખ અને જામનગર મહાનગર પાલિકાની જુદી-જુદી શાખાઓમાં ટેકનીકલ અને વહીવટી કામગીરી માટે જુદી-જુદી જગ્યાઓ પર ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારી ઓની નવી નિમણુંક આપવા અંગે કમિશનરની દરખાસ્ત અન્વયે ૬ માસ માટે નવી નિમણૂક આપવાનુ મંજુર કરાયું હતુ.આ ઉપરાંત એક દરખાસ્ત અધ્યક્ષ સ્થાનેથી રજૂ કરવામાં આવી હતી જેમાં સાધના સાપ્તાહિકને સ્વાતંત્ર્ય દિન વિશેષાંકમાં રૂ. ૨૬,૨૫૦ની મર્યાદામાં જાહેરાત આપવાનો નિર્ણય લેવાયો હતો.આમ આજની આ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ રૂપિયા ૨ કરોડ ૪૯ લાખના ખર્ચની દરખાસ્તોને બહાલી આપવામાં આવી હતી.

# જામનગરના બક્ષી પરિવાર પર આભ તૂટી પડ્યું

## અમદાવાદ પ્લેન ક્રેશ જામનગરનું દંપતી દુર્ઘટનાનો ભોગ બન્યું, પુત્રનું પ્લેન ક્રેશમાં થયું હતું મોત



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર અમદાવાદ પ્લેન ક્રેશ જામનગરનું દંપતી દુર્ઘટનાનો ભોગ બન્યું હોવાની આશંકા, પુત્રનું પ્લેન ક્રેશમાં થયું હતું મોત.અમદાવાદમાં ગઈકાલે (૧૨ જૂન) બપોરે એર ઈન્ડિયાના વિમાન દુર્ઘટનામાં અનેક પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે, ત્યારે જામનગરના એક બક્ષી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. આ ગોઝારી ઘટનામાં જામનગરથી ગઈકાલે પરોઢિયે જ લંડન પરત ફરવા રવાના થયેલા એક દંપતીએ જીવ ગુમાવ્યો હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. આ દંપતીના એકમાત્ર પુત્રનું પણ ત્રણ વર્ષ પહેલાં વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતું.જામનગરમાં રહેતા હરિહરભાઈ બક્ષી બીમાર હોવાથી તેમના લંડનમાં રહેતા પુત્રી નેહલબહેન અને જમાઈ શૈલેષભાઈ પરમાર જામનગર આવ્યા હતા. ગઈકાલે પરોઢિયે જ તેઓ જામનગરથી અમદાવાદ જવા રવાના થયા હતા, જ્યાંથી તેમણે બપોરે દોઢ વાગ્યે લંડન માટેની હવાઈ મુસાફરી શરૂ કરી હતી.

કમનસીબે, ઉડાન ભર્યાની થોડી જ મિનિટોમાં આ વિમાન ક્રેશ થયું, જેમાં અનેક લોકોના મૃત્યુ થયા છે.આ ઘટનાથી બક્ષી પરિવાર પર જાણે આભ ફાટ્યું છે, કારણ કે શૈલેષભાઈ અને નેહલબહેનને સંતાનમાં એકમાત્ર પુત્ર હિત હતો. હિત લંડનમાં વિમાન ઉડાડવાની તાલીમ લેતો હતો અને તેની તાલીમના આખરી તબક્કામાં, છેલ્લી કલાકની ઉડાન બાકી હતી ત્યારે, આશરે ત્રણ વર્ષ પહેલાં સ્પેનમાં તેનું વિમાન ક્રેશ થયું હતું, જેમાં ૨૬ વર્ષીય હિતનું મૃત્યુ થયું હતું.હિતના ૨૬ વર્ષની ઉંમરે વિમાન ક્રેશ થતાં મૃત્યુ થયું, અને આજે ફરી વિમાન દુર્ઘટના થતાં તેમાં હિતના માતા-પિતા પણ મુસાફરી કરી રહ્યા હતા. આ સમાચાર મળતાં જ નેહલબહેનના પિતરાઈ ભાઈઓ, જામનગરના જાણીતા તબીબ ડૉ. કેયુર બક્ષી ઉપરાંત આશિષભાઈ બક્ષી તાત્કાલિક અમદાવાદ જવા રવાના થયા હતા. આ કરુણ ઘટનાથી જામનગરના બક્ષી પરિવાર અને સમગ્ર પંથકમાં શોકની ગમગીની છવાઈ ગઈ છે.

# યુવતી સાથે અન્ય ચાર લોકોના પણ મૃત્યુ થતાં પરિવારમાં આક્રંદ

## લગ્નના પાંચ મહિના બાદ વિસનગરની યુવતી પતિ સાથે રહેવા જતી હતી અને મોતને ભેટી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં અનેક પરિવારનો માળો વિખરાઇ ગયો છે. જેમાંનો એક હતભાગી વિસનગરનો પરિવાર પણ હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં વિમાનમાં મુસાફરી કરતા સ્વજનને શોધવા રડતા-રડતા આમતેમ ફાંફા મારતા એક સ્વજનના જણાવ્યા મુજબ પ્લેનમાં વિસનગરની અંકિતા વસંતકુમાર પટેલ નામની યુવતી સવાર હતી તેને અમે શોધી રહ્યા છીએ. તેના લગ્ન પાંચ મહિના પહેલા લંડનમાં રહેતા વસંતકુમાર પટેલ સાથે થયા હતા. લગ્ન બાદ વસંતે પણ અંકિતાને લંડન રહેવા માટે બોલાવી હતી. અને આ ફલાઇટમાં અંકિતા સવાર હતી. પ્લેન ક્રેશમાં અંકિતાનું શું થયું? તે અંગે તમામ સ્વજનો અજાણ છે. અમે સિવિલમાં એક વોર્ડથી બીજા વોર્ડમાં ફરી રહ્યા છીએ પરંતુ હજુ સુધી અંકિતા મળી નથી. અંકિતાની સાથે વિસનગરના અન્ય ચાર લોકો પણ હતા તેમની પણ કોઇ ખબર નથી. વિસનગરથી ૧૦૦થી વધુ લોકો અમે સિવિલમાં આવ્યા છીએ અંકિતા અને તેના સહપ્રવાસીઓ ક્યાં છે કયા વોર્ડમાં છે તેની અમને કોઇ જાણકારી આપતું નથી. રડમસ અવાજે અંકિતાના સ્વજને જણાવ્યું હતું કે અમે બધા લોકો આશા રાખીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે અંકિતા અને તેની સાથેના અન્ય ચાર લોકો હેમખેમ હોય.

# જામનગર જિલ્લાની ૨૬૬ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૮૭ ગ્રામ પંચાયત બિનહરીફ જાહેર થઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં આગામી ૨૨ મી તારીખે ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન થનાર છે, ગઈકાલે ૧૧ મી જૂને ફોર્મ પરત ખેંચવાનો અંતિમ દિવસ હતો. ફોર્મ પરત ખેંચાયા બાદ ક્યા તાલુકામાં સરપંચપદ માટેના અને સભ્યપદ માટેના કેટલા ઉમેદવારો હવે મેદાનમાં રહ્યા છે. તેનું આખરી ચિત્ર સ્પષ્ટ થયું છે.જામનગર જિલ્લાની કુલ ૨૬૬ ગ્રામ પંચાયતોમાં આગામી ૨૨ જૂને સામાન્ય, વિભાજન અને મધ્યસત્ર ચૂંટણીઓ માટે મતદાન થશે. આ ૨૬૬ પૈકી ૮૭ ગ્રામ પંચાયતોમાં સરપંચ અને સભ્યોની બિનહરીફ વરણી થઈ શકી છે, બાકીની પંચાયતોમાં ચૂંટણીઓ યોજાશે.જામનગર તાલુકામાં કુલ ૬૫ પંચાયતોની ચૂંટણીઓ જાહેર થઈ છે, જે પૈકી ૨૦ સરપંચ બિનહરીફ જાહેર થયા છે. કાલાવડ તાલુકાની ૭૨



પંચાયત પૈકી ૨૫ પંચાયતમાં સરપંચ બિનહરીફ અને સાથે સભ્ય પણ બિનહરીફ જાહેર થયા. લાલપુર તાલુકાની ૪૭ પંચાયત પૈકી ૧૧ પંચાયતોમાં સરપંચ સભ્ય બિનહરીફ થયા છે. જામજોધપુર તાલુકાની ૩૪ પંચાયતો પૈકી ૧૦ ગ્રામ પંચાયત સમરસ બની છે. ધ્રોલની ૨૪ માંથી ૧૨ અને જોડિયાની ૨૪ માંથી ૯ પંચાયતો બિનહરીફ જાહેર થઈ છે.

જિલ્લાની સ્થિતિ જોઈએ તો કુલ પંચાયત ૨૬૬ માંથી સરપંચ બિનહરીફ જાહેર થયા હોય એવી પંચાયત ૮૬, કુલ ૧૧૮૮ સભ્ય બિનહરીફ થયા છે. જયારે સરપંચપદ માટે ચૂંટણીઓ લડી રહેલા ઉમેદવાર ૪૦૭ અને સભ્યપદ માટે હજુ ૧૮૯૩ ઉમેદવાર મેદાનમાં છે.

# મોરબીના નવાપીપળી ગામે દારૂની રેડ દરમિયાન ગેસ રીફીલીંગના કૌભાંડનો પર્દાફાશ

## ૨.૫૧ લાખનો દારૂ, ૯૩ ગેસ સીલીન્ડર, કાર-૩ વાહનો મળી ૧૫.૮૮ લાખનો મુદામાલ કબજે



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના નવી પીપળી ગામે આવેલ ઓમ પાર્ક સોસાયટીમાં રહેતો સંદીપભાઈ રમેશભાઈ કાલરીયા પોતાનાં રહેણાંક મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ હેતુએ હેરાફેરી કરે છે, તેવી બાતમી મોરબી તાલુકા પોલીસને મળતાં, તાલુકા પોલીસ ટીમ દ્વારા ઉપરોક્ત રહેણાંક મકાનમાં રેઈડ કરવામાં આવી હતી. મોરબી તાલુકા પોલીસની રેઈડ દરમિયાન રહેણાંક મકાનમાંથી ઈંગ્લીશ દારૂની ૧૩૧ શીલપેક બોટલો અને ૯૬ બિયર ટીન એમ કુલ રૂ.૨, ૫૧,૩૪૦/- નો જથ્થો તથા વિદેશી દારૂની હેરાફેરી કરવા ઉપયોગના લીધેલ ક્રેટા કાર રજી.નં. જીજે-૩૬-એસી-૬૪૦૭ કિ.રૂ. ,, સહિત ૧૦,૫૧,૩૪૦/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

જ્યારે મકાનમાં વિદેશી દારૂના દરોડા દરમિયાન રહેણાંક મકાનના પાછળના ભાગે ખુલ્લા વંડામાં આરોપીએ પોતાના આર્થિક ફાયદા માટે ઘરેલુ વપરાશના લાલ કલરના ઈન્ડેન ગેસના બાટલામાથી ખાલી બોટલોમાં ઈલેક્ટ્રીક મોટર મારફતે નળી નોઝલથી ગેસનુ રીફીલીંગ કરી તેનુ વેંચાણ કરવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતો હોય, રેઈડ દરમ્યાન લાલ કલરના સુપરગેસ ભરેલ બાટલા નંગ-૪૨ કિ.રૂ.૧.૨૬ લાખ, સુપરગેસના ૧૫ નંગ મોટા તથા એક નાની બોટલ કિ.રૂ.૩૨ હજાર, ૧૮ બાટલા ઈન્ડેનના ખાલી કિ.રૂ.૩૬ હજાર જે બાટલા સુપર કેરી વાહન રજી. નં. જીજે-૩૬-વી-૫૪૫૬ વાળામાં રાખેલ હોય, એક ઈન્ડેન કંપની ભરેલ બોટલ કિ.રૂ.૩ હજાર, એચ.પી કંપનીના ખાલી બાટલા નંગ-૧૬ કિ.રૂ.૩૨ હજાર, ગેસ રીફલીંગ માટે ઈલેક્ટ્રીક મોટર નળી નોઝલ, વજન કાંટો, લોખંડના પાના તથા સુપર કેરી વાહન સહિત ઘટના સ્થળેથી રૂ ૫,૩૭,૨૦૦/-નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.


આ સમગ્ર કાર્યવાહી દરમિયાન તાલુકા પોલીસે વિદેશી દારૂ તથા ગેરકાયદેસર ઘરેલુ ગેસ સિલિન્ડર બાટલામાં ગેસ રિફીલિંગ અંગે બે અલગ અલગ કેસ નોંધી કુલ રૂ.૧૫.૮૮ લાખના મુદ્દામાલ સાથે આરોપી સંદીપભાઈ રમેશભાઈ કાલરીયા ઉવ.૩૬ રહે.નવી પીપળી ઓમપાર્ક તા.જી.મોરબી વાળાની અટક કરી તેના વિરુદ્ધ પ્રોહી.એક્ટ, આર્થિક ફાયદો મેળવવા ઘાતકી વિસ્ફોટક પદાર્થ જેવી પ્રવૃત્તિ, જે કોઈ પણ સમયે મોટી દુર્ઘટનાનું રૂપ લઈ શકે તેથી મનુષ્ય જિંદગી જોખમમાં મુકવા બદલ મનુષ વધ તેમજ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમની કલમ મુજબ ગુનો નોંધી આગળની તપાસ ચલાવવામાં આવી છે.

# રાજકોટનો યુવાન હોસ્ટેલમાં જમવા ન ગયો ને બચી ગયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદમાં પ્લેન જ્યાં અથડાયુ તે મેડિકલ હોસ્ટેલમાં રાજકોટના મહિલા તબીબનો પુત્ર બચી ગયો છે. શહેરના હનુમાન મઢી ચોકમાં કલીનીક ધરાવતા નિમીષાબેન ભોજાણીનો પુત્ર વેદ ચેતનભાઈ ભોજાણી મેડિકલ હોસ્ટેલમાં રહીને બપોરે જમવા આવે છે. દુર્ઘટના બની તે દિવસે જ ચેતન જમવા આવ્યો ન હતો અને આ અકસ્માતમાં બચી ગયો હતો.

# ચાર મહિના પહેલાં લગ્ન કરી લંડન જતું યુવા કપલ મોતને ભેટ્યું



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

બનાસકાંઠાના ધાનેરા તાલુકાના થાવર ગામના કમલેશ ચૌધરી અને ધાપુબેન ચૌધરીએ ત્રણેક મહિલા પગેલા લગ્ન કર્યા હતા.

૨૪ વર્ષિય કમલેશ લંડનમાં સ્ટડી કરતો હતો અને લગ્ન કરવા માટે વતનમાં આવ્યો હતો. લગ્ન કર્યા બાદ બંન્ને પતિ-પત્નિ લંડન જવા માટે નિકળ્યાં હતા.

પ્લેન કેસની દુર્ઘટનાએ હાથની મહેંદી સુકાય એ પહેલા જ યુવા કપલનું પ્રાણ પંખીરૂ ઉડી જતાં પરિવારમાં ભારે શોક ફેલાયો છે.

# અમદાવાદ પ્લેન દુર્ઘટનાના મુસાફરોના નામોની યાદી ૧૨ બાળકોનો સમાવેશ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમીન એ., અમીન સુભાષચંદ્ર, નંદા નેહા પ્રમુખ, નંદા પ્રમુખ પ્રવેશ, નંદા પ્રયાસ પ્રમુખ, પાયલ બેબીબેન કુબેરભાઈ, પટેલ દિલીપભાઈ, પટેલ કે., પટેલ કે., પટેલ મીના દિલીપભાઈ, પટેલ એસ., રૂપાણી વિજયભાઈ રમણીકલાલ, સોની અલ્પા નિશિત, સોની સ્વપિનલ, સોની યોગા, અઘેડા વલ્લભભાઈ નાગજી, અઘેડા વીણાબેન વલ્લભભાઈ, અમૃતલાલ માનવ, અવૈયા એચ., બાબુ મનીપ, બાગૌને ચંદુ, બક્ષી ધીર, બક્ષી વીર, ભાદોરીયા દીપેન્સી, ઈઈઈઅ શાંતુભાઈ, બ્રહ્મભટ્ટ જી., બ્રહ્મભટ્ટ કલ્યાણી ગૌરવ, સન્ના વનિતા, ચૌધરી જૈમિનિબેન, ચૌધરી ધપ્પુબેન, ચૌધરી કમલેશભાઈ, ચૌહાણ આર., ચિથેનલાલા એ., ચોરવાડિયા અંકિતકુમાર, ચોવટીયા રવજી શંભુ, ચોવટીયા શારદાબેન રવજીભાઈ, ક્રિસ્ટેન એલ., ક્રિસ્ટેન આર., ક્રિસ્ટેન રેઝર ડેવિડ, ડાંગર એમ., ડાંગર નિરૂપમા રામભાઈ, દરજી પુષ્પાબેન રજનીકાંત, દરજી રજનીકાંત ચિમનલાલ, દયાની કે.,, દોશી ઈન્દ્રવદન શશીકાંત, દોશી જ્યોતિ ઈન્દ્રવદન, ફેઈઝન રફીક, ગજ્જર જયાબેન, ગોસ્વામી સંકેત અતુલગિરિ, ગિરીશ આદિવ, ગિરીશ તકશિવ, ગોઢાણીયા આર., ગોંડલીયા જે., ગોપાકુમારન નાવર, ગોસાઈ જીનલ, ગ્રીનલો એક., હલાની બદરૂદ્દીન હસનાની, હલાની મલિકબેન, હલાની યાસ્મીન બદરૂદ્દીન, હરીગિનોટન અશ્વિન સુરેશ, હિરાણી રમેશ હીરજી, હીરપરા બાબુભાઈ લાલજી, હીરપરા વી., વોરા હરપ્રીત, જેથરા નુસરતજહાન, જુમુલાઈ બી., જુમુલાઈ આર., જોશી કામિનીબેન નીલેશ, જોશી મીરાયા, જોશી નકુલ, જોશી પ્રદયુત, જોશી પ્રતિક, કામદાર યશ, ખાટીક પાયલ સુરેશભાઈ, ખીમાણી અનિલ લાલજી, ખૂંટ નીલકુમાર, દેવજીભાઈ, લાલજી ગીરીશ, લાલવાણીયા અર્પણા, લાલવાણીયા નીરજ, મહેશ્વરી ભાવિક, મકવાણા એલસીના અલ્પેશ, મકવાણા એસ., માસ્ટર મહોમદ અદનાન, મિક જમૈયા, મહેતા મેઘા, મહેતા સુનિલ, મહેતા વર્ષા, મેનરૈયા પ્રકાશ, મેનરૈયા વર્દી ચાંદ, મેરવાણા રજનીકાંતભાઈ, મિસ્ત્રી સાજેદાબેન સલીમ, મિસ્ત્રી કે., મોઢા રક્ષા, મોઢા રૂદ, મોદી બી., મોદી સગુન, મોદી શુભ, નાગર પન્ના, નાનબવા અકીલ, નાનબવા એસ., પદારીયા મરિયમ,

પડસાલા રિધ્ધિ, પાઘડાલ કે., પાઘડાલ એન., પાલખીવાલા સંજના, પંચાલ નિદ્રા રમણીકલાલ, પંચાલ ઉપા, પંડયા એચ., પંડયા એન. પરીહર અભિનવ, પરીખ ચૈતન્ય, પરમાર ભોગીલાલ, પરમાર હંસાબેન, પરમાર એન., પરમાર એસ., પટેલ એ., પટેલ અલ્તાફ હુસૈન, પટેલ એ., પટેલ અશોક, પટેલ બાબુભાઈ, પટેલ ભારતીબેન, પટેલ ભારતીબેન જશભાઈ, પટેલ બી., પટેલ ડી., પટેલ ડી., પટેલ દિનેશકુમાર, પટેલ દિપ્તીબેન, પટેલ દીર્ઘ પ્રફુલકુમાર, પટેલ દિવ્યાબેન, પટેલ દુષ્યંતકુમાર, પટેલ હર્ષિકાબેન, પટેલ હર્ષિત, પટેલ હસુમતી, પટેલ હિના, પટેલ હેમાંગીની, પટેલ જે., પટેલ જયંતિલાલ, પટેલ જયશ્રી, પટેલ જ્યોતિ, પટેલ કૈલાશભાઈ,પટેલ કે., પટેલ કિરીટકુમાર, પટેલ કોકિલાબેન, પટેલ કે., પટેલ મંજુલાબેન જગદીશભાઈ, પટેલ એમ., પટેલ મનાલી, પટેલ કુમુદભાઈ, પટેલ એન., પટેલ નિખિલકુમાર, પટેલ નીલકંઠ, પટેલ નિરાલી, પટેલ નીતાબેન, પટેલ પી., પટેલ પૂજા, પટેલ પ્રશાંતકુમાર, પટેલ પ્રવીણકુમાર, પટેલ પી., પટેલ પી., પટેલ રાધાબાઈ, પટેલ રજનીકાંત, પટેલ આર., પટેલ આર., પટેલ રંજનબેન, પટેલ રતિલાલ, પટેલ રેખાબેન, પટેલ રૂદ્ર, પટેલ રૂપલબેન, પટેલ સાહિલ સલીમ, પટેલ શશીકાંત, પટેલ શોભનાબેન, પટેલ સોમાભાઈ, પટેલ સની, પટેલ સુરેશ, પટેલ તરકીલાબેન, પટેલ ઉપાબેન, પટેલ વૈભવ, પટેલ વી., પટેલ વિનોદચંદ્ર, પાટીલ મયુર, પાટોલિયા એ., પવાર આશાબેન, પવાર મહાદેવ, પેસવારિયા વી., પ્રજાપતિ કે., પ્રમગી વશરામ, પુરોહિત આકાશકુમાર, રાજ વસુબેન, રાજ પુરોહિત ખુશ્બુ, રમેશ અજયકુમાર, રમેશ વિશ્વાસકુમાર, રાણા આનંદી, રાણા ભાવના, સકરીયા નરસિંહ, સૈયદ અનાયતલી, સૈયદ નફીસાબાનુ, સૈયદ તશકિમ, શાહ અમિત, સૈયદ વાકુઅલી, શાહ અમિત હિતેનભાઈ, શાહ હિતેનકુમાર ધીરજલાલ, શાહ કેતનકુમાર, શાહ પીનાકિન, શાહ રૂપાબેન, શાંતિલાલ હેમાક્ષી, શર્માએ., શર્મા પાર્થ, શેઠ હિમાંશુ, શેઠવાલા એફ., સૈયદ અમીની અલી, સૈયદ જાવેદ અલી, સૈયદ મરિયમ, સૈયદ યાન, તજુ અદમ, તજુ હસીના, તપેલીવાલા એસ., ઠક્કર એલ., ઠક્કર આર., વાઘેલા એમ., વ્હોરા પી., વ્હોરા પાસ્મીન, વ્હોરા ઝેડ., વાલુભાઈ રામા, વાંસડીયા એ., વાંસડીયા ડી., વોરા સલમાબેન, વોરા જી. હિના, વ્યાસ કોમી, તેમાં રમેશ વિશ્વાસકુમારનો ચમત્કારીક બચાવ થયો હોવાનું જાણવા મળ્યું હતું.

# પિતાની અંતિમ સંસ્કાર કરી લંડન જતા મણિનગરના યુવકની માતા સાથે છેલ્લી તસવીર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

લૉરેન્સ ડેનિયલ ક્રિશ્ચિયન કે જેઓ પોતાના પિતા ડેનિયલ ક્રિશ્ચિયનનું ૨૯ મે, ૨૦૨૫ના રોજ અવસાન થયું હતું તેમના અંતિમ સંસ્કાર માટે લંડનથી મણિનગર આવ્યા હતા અને આજે તેઓ પરત લંડન પાછા જઈ રહ્યા હતા ત્યારે તેઓ થયેલ પ્લેન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા છે તેમનો સીટ નંબર ૩૭ હતો.તેમની માતા સાથે અંતિમ



તસવીર નજરે પડી રહી છે.

# અમદાવાદના દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં ગઢડાના અડતાળાનો યુવાન વાગ્દતા સાથે હતો

## સગાઈ બાદ યુગલ લંડન જવા રવાના થયું હતું, પરિવારજનો શોકમાં

**મુખ્ય સમાચાર, ગઢડા**

ગઢડા(સ્વામીના) તાલુકાના ગઢડાથી ત્રણ કી.મી ના અંતરે આવેલા અડતાળા ગામનો યુવક પણ પોતાની વાગ્દત્તા સાથે વિમાનમાં હોવાની માહિ-તી સામે આવી છે. આ ભયાનક દુર્ઘટનાના પગલે યુવકના પરિવારજનો વ્યાકુળ હૃદયે શોક ગ્રસ્ત બની ગયેલ છે.



અડતાળા ગામનો ખેડૂત પરિવારનો યુવક હાર્દિક દેવરાજભાઈ અવૈયા (ઉ.૨૭) છેલ્લા બે વર્ષથી લંડન એમેઝોનમા જોબ મળતા સ્થાયી બન્યો હતો. તેમજ લંડન ખાતે જ રહેતી વિભૂતિ નામની યુવતી સાથે સગાઈ નક્કી થતા એક મહિના પહેલા રજામાં સગાઈ માટે અને પરિવારને મળવા માટે સજોડે આવ્યા હતા. ત્યારબાદ લંડન પરત જવા માટે કમનસીબે એર ઈન્ડિયાની ફ્લાઈટમા રવાના થયા હતા. ત્યારે ભયાનક પ્લેન અકસ્માતના પગલે અડતાળા ગામ અને અવૈયા પરિવારમાં ચિંતા અને શોકનો માહોલ છવાઈ ગયો છે.

પરિવારજનો પોતાના પુત્ર અને તેમની વાગ્દત્તાના સમાચાર મેળવવા માટે બેબાકળા બની રહ્યા છે. લંડન જવા નીકળેલુ યુગલ કાળનો કોળિયો બન્યું હોવાની શંકાના પગલે સંતાપ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે લંડનમાં રહેતા હાર્દિકભાઈ અવૈયા એક મહિના પહેલા જ તેમના વેવિશાળ નિમિતે અડતાળા આવ્યા હતા. વેવિશાળ બાદ હાર્દિકભાઈ અને વિભૂતિબેન થોડા દિવસ સુરત તેમના ભાઈના ઘરે રોકાયા હતા અને તેઓ લંડન જવા માટે અમદાવાદથી ફ્લાઈટમાં રવાના થયા હતા. આ દુર્ઘટનાના સમાચાર મળતા પિતા દેવરાજભાઈએ પુત્ર હાર્દિકને ફોન કર્યો હતો. પરંતુ પ્લેનમાં બેસી ગયા બાદ તેમનો કોઈ સંપર્ક થઈ શક્યો ન હતો. આ ઘટનાના પગલે હાર્દિકભાઈના ભાઈ સુરતથી અમદાવાદ જવા રવાના થયા હોવાનું તેમના પિતાએ જણાવ્યું હતું.

# વિજયભાઇ રૂપાણીના જીવનમાં સંઘના સંસ્કારોની ભૂમિકા મહત્વની હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના અગ્રણી ગણાતા વ્યાપારી કુટુંબના અને સુખી સંપન્ન જિંદગી ધરાવતા વિજયભાઇ રૂપાણીએ જોકે આરએસએસ અને તે સમયના જનસંઘ અને બાદના ભાજપ માટે પોતાના વ્યાપારને પણ બીજો ક્રમ આપ્યો હતો અને વિદ્યાર્થી કાળથી તેઓ સક્રિય રહ્યા.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં તેઓએ પોતાની રાજકીય કારકીર્દીનું પ્રથમ ડગ માંડયુ હતું પરંતુ તેમની પ્રતિબધ્ધતા રાષ્ટ્રીય સ્વયં સંઘ પ્રત્યે હતી અને સંઘના ઓટીસીમાં તૃતીય વર્ષનું પ્રશિક્ષણ લીધુ હતું અને તે તેમના જીવનમાં એક મહત્વનું યોગદાન આપી ગયું.

એટલું જ નહીં ૧૯૭૧માં તેઓ જનસંઘમાં જોડાયા બાદ વરિષ્ઠ નેતાઓના માર્ગદર્શન હેઠળ રાજકારણના પાઠ શીખ્યા હતા. ૧૯૭૬માં કટોકટી કાળમાં તેઓએ સરકાર સામેની લડતનો બુંગીયો ફૂંકયો અને ૧૧ માસ સુધી જેલમાં રહ્યા આ તેમના જીવનનો બીજો વળાંક હતો.

જયારે બાદમાં પણ ૧૯૭૮માં તેઓએ ગ્રેજયુએશન પુરૂ કર્યા બાદ બે વર્ષ માટે આરએસએસની વિદ્યાર્થી પાંખ અખિલ ભારતીય વિદ્યાર્થી પરીષદના પ્રચારક તરીકે અમદાવાદમાં રહીને વિદ્યાર્થી પરિષદના વ્યાપ માટે કામગીરી કરી આમ પોતાના વ્યવસાય કરતા પણ તેઓ સંઘના સંસ્કારો અને જનસંઘની વિચારધારાને આગળ વધારવામાં મહત્વનો યોગદાન આપ્યું.

બે વર્ષ સુધી અમદાવાદમાં પ્રચારક તરીકેની કામગીરી દરમ્યાન તેઓએ પોતાની સુખ સુવિધાનો ત્યાગ કર્યો હતો અને તેની સાથે કાર્યકર્તાઓ સાથે કુટુંબીજન જેવો વ્યવહાર કેળવ્યો જે છેલ્લે સુધી તેઓએ જાળવ્યો હતો.



# ઉપલેટા ખાતે વૃદ્ધો માટે વયોશ્રી યોજના માટેનો સાધન સહાય એસેસમેન્ટ કેમ્પ યોજાયો

### કેમ્પમાં મહેસૂલ,આરોગ્ય વિભાગ સહિતની ૯૯૬ સેવાનો લાભ લેતા ૨૯૬ લાભાર્થીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કલેક્ટર પ્રભવ જોશી દ્વારા જિલ્લામાં એક પણ વૃદ્ધ લાભાર્થી યોજનાના લાભથી વંચિત ન રહી જાય તે માટે વિશેષ ઝુંબેશના સ્વરૂપે જિલ્લાના વિવિધ તાલુકાઓ ખાતે વયોશ્રી યોજના અંતર્ગત સાધન સહાય કેમ્પ યોજવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ઉપલેટા શહેરની પેટા જિલ્લા હોસ્પિટલ ખાતે વરિષ્ઠ નાગરિકો માટે વિનામૂલ્યે સાધન સહાય માટેનો એસેસમેન્ટ કેમ્પ યોજાયો હતો.જેમાં કુલ ૦૨ ડોકટર તથા અંદાજીત ૯૦ જેટલા કર્મચારીઓ સહિતના સ્ટાફે ફરજ નિભાવી હતી.

આ કેમ્પમાં કુલ ૨૯૬ લાભાર્થીઓએ અલગ અલગ પ્રકારની કુલ ૯૯૬ સેવાઓનો લાભ લીધો હતો જેમાં એલીમ્કો દ્વારા ૧૯૩ લાભાર્થીઓ કે જેની ઉમર ૬૦ વર્ષથી વધારે છે તેઓનું એસેસમેન્ટ કરવામાં આવ્યું હતું તેમજ ૧૩૯ જેટલા આવકના દાખલા (૮૯ નગરપાલિકા દ્વારા, ૫૦ તાલુકા પંચાયત દ્વારા), એસ.ટી. વિભાગ દ્વારા ૧૩૦ સીનીયર સીટીઝનને યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ૭૦ લાભાર્થીઓના બી.પી. ડાયાબિટીસની તપાસ તથા ૭૭ લાભાર્થીઓનું કેન્સર સ્ક્રીનીંગ, ૩૩૪ લોકોને ટીબી, મેલેરીયા વિગેરે રોગની સમજુતી આપી, ૩૭ લાભાર્થીઓને પી.એમ.જે.એ.વાય કાર્ડ આપવામાં આવ્યા હતા.

ઉપલેટા શહેર ખાતેની એસ.બી.આઇ. બેંકના કર્મચારીઓ દ્વારા સીનીયર સીટીઝન માટેની કાર્યરત યોજનાઓથી લાભાર્થીઓને અવગત કરાવવામાં આવ્યા તથા સહાય શાખા દ્વારા નિરાધાર વૃધ્ધ સહાય યોજનાના કુલ ૩ ફોર્મ સ્થળ પર ભરવામાં આવ્યા હતા. તદુપરાંત આધાર કાર્ડ, ઈ-કેવાયસી, મતદાર યાદીને લગત સ્વીપની કામગીરી તથા ૧૩ લાભાર્થીઓને ઉંમરનાં દાખલા આપવામાં આવ્યા હતા. કેમ્પના સ્થળ પર વયોવૃધ્ધ લાભાર્થીઓની પાસે રહેલા તેમના આધાર પુરાવાની ઝેરોક્ષ નકલ મેળવવા માટે વહીવટી તંત્ર તરફથી ઝેરોક્ષ માટેની અલાયદી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે નાયબ કલેકટર નાગાજણ એમ.તરખાલા, તાલુકા વિકાસ અધિકારી સરજુ જેઠવાની, મામલતદાર રાજેન્દ્રકુમાર પંચાલ, ડો.ખ્યાતિ ગરેજાની, ડો.નયન લાડાણી, લીડ બેંક મેનેજર, એસ.બી.આઇ., ડેપો મેનેજર જી.એસ.આર.ટી.સી. ઉપલેટા, રેવન્યુ વિભાગની ટીમ,અન્ય અધિકારીઓ તથા બહોળી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જામકંડોરણામાં સિનિયર સિટિઝન્સ માટે વિનામૂલ્યે સાધન-સહાય મુલ્યાંકન કેમ્પ યોજાયો

### રાષ્ટ્રીય વયોશ્રી યોજના હેઠળ ૩૩૫ વૃદ્ધોને રૂ. ૩૬.૯૬ લાખના ૨૦૬૦ સાધનો અપાશેઃ ૧૦૦૦થી વધુ વડીલ લાભાર્થીઓને સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓના લાભ અપાયા





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના માર્ગદર્શનમાં જામકંડોરણા તાલુકાના ૬૦ વર્ષથી ઉપરના સિનિયર સિટિઝન્સ માટે સાધન સહાય મુલ્યાંકન કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૦૦૦થી વધુ વડીલ લાભાર્થીઓને સ્થળ પર જ વિવિધ સરકારી સેવાઓના લાભ અપાયા હતા.

ભારત સરકારની રાષ્ટ્રીય વયોશ્રી યોજનાના માધ્યમથી સિનિયર સિટિઝન્સ્સ વોકિંગ સ્ટીક, કાંખઘોડી, ટ્રાઈપોડ, વોકર, હિયરીંગ એઈડ મશીન, ફોલ્ડિંગ વ્હીલચેર, આર્ટીફિશિયલ દાંત (ચોકઠા), સ્પાઈનલ સપોર્ટ, રોલેટર વિગેરે પ્રકારના સાધનો આપવા એલિમ્કો દ્વારા ૧૦મી જૂને જામકંડોરણા ખાતે આ એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરાયું હતું.

આ કેમ્પમાં વડીલોની સેવા માટે આધારકાર્ડ, મતદાર યાદી સ્વીપ એક્ટિવિટી, ઈ-કે.વાય.સી., આવકના દાખલા, સરકારશ્રી તરફથી મળતી અલગ અલગ પ્રકારની સહાય બાબતોના સ્ટોલ રાખવામાં આવ્યા હતા. આ સાથે બી.પી., ડાયાબીટીસ ચેકઅપ, કેન્સર સ્ક્રિનિંગ સ્ટોલ, પી.એમ.જે.એ.વાય. કાર્ડ માટેના સ્ટોલ થકી લાભાર્થીઓને સ્થળ પર જ સેવાનો લાભ આપવામાં આવ્યો હતો. સિનિયર સિટિઝનોને હેરાનગતિ ના થાય તે માટે કેમ્પના સ્થળ પર આધાર પુરાવાની ઝેરોક્ષ નકલ મેળવવા વહીવટી તંત્ર તરફથી ઝેરોક્ષનો સ્ટોલ પણ રખાયો હતો.

આ કેમ્પમાં સાંજ સુધીમાં કુલ કુલ ૧૦૧૩ લાભાર્થીઓએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. એલિમ્કો દ્વારા ૬૦ વર્ષથી ઉપરની વયના ૩૩૫ લાભાર્થીઓનું મુલ્યાંકન કરવામાં આવ્યું. જેમાં ૨૦૬૦ જેટલા સાધનોની જરૂરિયાત જણાઈ હતી. આશરે કિંમત રૂ. ૩૬.૯૩ લાખની કિંમતના આ સાધનો લાભાર્થીઓને વિનામૂલ્યે અપાશે.

આ કેમ્પમાં કુલ ૨૨૦ જેટલા આવકના દાખલા કઢાયા, એસ.ટી. વિભાગ દ્વારા સિનિયર સિટિઝનોની યોજના અંગે ૨૪ લાભાર્થીઓને સમજુતિ અપાઈ, ૯૧ લાભાર્થીઓના બી.પી., ડાયાબિટીસ ટેસ્ટ કરાયા, સાત લાભાર્થીઓને ઉંમરના દાખલા અપાયા, ૧૫ લાભાર્થીઓને પી.એમ.જે.એ.વાય કાર્ડ કાઢી અપાયા. એસ.બી.આઈ.ના સ્ટાફ દ્વારા વડીલોને લગતી યોજનાઓથી લાભાર્થીઓને અવગત કરાવાયા. સહાય શાખા દ્વારા નિરાધાર વૃદ્ધ સહાય યોજનાના કુલ ૧૫ ફોર્મ સ્થળ પર ભરવામાં આવ્યા હતા.

આ કેમ્પના સુચારુ આયોજન માટે નાયબ કલેક્ટર નાગાજણ તરખલા, મામલતદાર બી. પી. કતકપરા અને રેવન્યૂ ટીમે જહેમત ઉઠાવી હતી. આ સાથે તાલુકા વિકાસ અધિકારી જયદીપ વણપરીયા, હેલ્થ ટીમના ડૉ. કૃપા જાની, સામુહિક આરોગ્ય કેન્દ્રના ડૉ. ભરત બામરોટીયા અને ડૉ. પથિક ધોળકીયા, સમાજ સુરક્ષા વિભાગ, લીડ બેંક, એસ.બી.આઈ. એસ.ટી. ડેપો મેનેજર તેમજ અન્ય અધિકારીઓ-કર્મચારીઓની ટીમે કેમ્પમાં વિવિધ કામગીરીઓ સંભાળી હતી.

શાળા પ્રવેશોત્સવ શ્રેણી - ૦૧

# દીકરીઓનું ભવિષ્ય ઉજ્જવળ બનાવતી 'નમો લક્ષ્મી યોજના'

### રાજકોટ જિલ્લામાં 'નમો લક્ષ્મી યોજના'નો લાભ લઈ રહેલી ૫૫ હજારથી વધુ વિદ્યાર્થીનીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**આલેખનઃ માર્ગી મહેતા**




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ આપ્યો છે. તેમના આ સંકલ્પને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર અનેક વિકાસલક્ષી યોજનાઓના અમલીકરણ માટે પ્રતિબદ્ધ છે. ગુજરાતના વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભવિષ્યલક્ષી શિક્ષણ મળી રહે, તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪માં 'નમો લક્ષ્મી યોજના'નો આરંભ કરાયો છે.

રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દીક્ષિતભાઈ પટેલના માર્ગદશન હેઠળ શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ખૂણે-ખૂણે ગુણવત્તાયુક્ત શિક્ષણ પહોંચાડવામાં આવી રહ્યું છે. શાળા સલાહકાર ભાવનાબેન ભોજાણીએ જણાવ્યું હતું કે રાજકોટ જિલ્લામાં હાલમાં ૫૫,૩૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ 'નમો લક્ષ્મી યોજના'નો લાભ લઈ રહી છે.

**નમો લક્ષ્મી યોજનાઃ** ગુજરાતમાં આર્થિક રીતે નબળા અને મધ્યમ વર્ગની દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે 'નમો લક્ષ્મી યોજના' અમલી છે. આ યોજના હેઠળ સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓમાં ધોરણ ૦૯થી ધોરણ ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને કુલ રૂ. ૫૦ હજારની સહાય અપાય છે. જેમાં ધોરણ ૦૯ અને ધોરણ ૧૦માં અભ્યાસ દરમિયાન ૧૦ માસ માટે રૂ. ૫૦૦ મુજબ વાર્ષિક રૂ. ૫૦૦૦ પ્રમાણે બંને વર્ષના મળી કુલ રૂ. ૧૦ હજાર તથા ધોરણ ૧૦માં ઉત્તીર્ણ થયા બાદ રૂ. ૧૦ હજાર અપાય છે. તેમજ ધોરણ ૧૧ અને ધોરણ ૧૨માં વિદ્યાર્થીનીઓને ૧૦ મહિના માટે માસિક રૂ. ૭૫૦ લેખે વાર્ષિક રૂ. ૭૫૦૦ પ્રમાણે બંને વર્ષના મળી રૂ. ૧૫ હજારની સહાય તથા ધોરણ ૧૨માં ઉત્તીર્ણ થયા બાદ રૂ. ૧૫ હજારની સહાય અપાય છે.

ઉલ્લેખનીય છે કે આ યોજનાનો લાભ મેળવવા માટે શાળામાં વિદ્યાર્થીઓની માસિક હાજરી ૮૦% હોવી જરૂરી છે. વિદ્યાર્થીની શાળા દ્વારા જ ઓનલાઈન અરજી કરાય છે. લાભાર્થીને સહાયની ચૂકવણી સીધી જ લાભાર્થીના માતાના બેન્ક ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફરના માધ્યમથી જમા કરાય છે. 'નમો લક્ષ્મી યોજના'થી કન્યા કેળવણીને પ્રોત્સાહન મળતાં દીકરીઓનું ભવિષ્ય ઉજ્જવળ બની રહ્યું છે.

# સંતાનોને મળવા લંડન જતા વેરાવળના દંપતીએ વિમાન દુર્ઘટનામાં જાન ગૂમાવ્યા



### ગીરગઢડાના જરગલી ગામના ત્રણના મોત

**મુખ્ય સમાચાર, વેરાવળ**

અમદાવાદથી લંડન જતું એર ઈડિયાનું પ્લેન ક્રેશ થઈ ગયું હતું.જેમાં મોટાભાગના ૨૪૨ યાત્રિકો વિમાનમાં લાગેલી આગમાં હોમાઈ ગયા છે ત્યારે આ વિમાનમાં વેરાવળનું એક લોહાણા દંપતી પણ મુસાફરી કરી રહ્યું હતું બેના મોત નિપજતા શોક છવાયો છે.

વેરાવળમાં રહેતા અને બીએસેનેલમાં નોકરી કરી નિવૃત થયેલા રાજેશભાઈ (રાજુભાઈ ) જીમૂલીયા ઉ.વ.૬૩ તેમજ તેમના પત્ની ભાવનાબેન ઉ.વ.૬૦ કે જેઓ વેરાવળ રહે છે તેમને સંતાનમાં એક પુત્ર ઉત્સવ અને એક દીકરી જે બન્ને લંડનમાં રહે છે.

પુત્ર ઉત્સવ લંડનમાં જોબ કરે છે અને પરિણીત છે. આ દંપતિ પુત્ર અને પુત્રીને મળવા અને ત્યાં રોકાવા માટે જતા હતા ત્યારે દુર્ઘટના બની હતી.વેરાવળ તેમના ભાઈ જયંતભાઈ સાથે ટેલિફોનિક થયેલ વાતચીતમાં પરિવારજનો ચિંતિત છે. હજુ કોઈ પણ સમાચાર મળ્યા નથી ત્યારે તેમના સંબંધીઓ અમદાવાદ સિવિલ ખાતે ભાળ મેળવવા ગયા છે અને હાલ ચિંતિત હોવાનું સામે આવ્યું છે. ગિરગઢડાના જરગલીના ખુંટ નીલ અરવીંદભાઈ, મોટા સમઢીયાળના રવજીભાઈ શંભુભાઈ ચોવટીયા અને શારદાબેન રવજીભાઈ ચોવટીયા સવાર હતા.

## લગ્ન બાદ પતિ લંડન જવા રવાના થયો હતો પતિનું મોત થતાં લગ્નના બે દિવસમાં જ યુવતી વિધવા બની

**મુખ્ય સમાચાર, અમદાવાદ**



લંડનમાં રહેતો અને વડોદરાનો વતની ભાવિક મુકેશભાઈ સાંજીરા(મહેશ્વરી)ના બે દિવસ પહેલા જ લગ્ન થયા હતા. લગ્ન સાદગીપૂર્વક કર્યા હતા અને કોર્ટ મેરેજ કર્યા હતા. લગ્ન બાદ ભાવિક ગુરૂવારે એર ઈન્ડિયાની ફલાઈટમાં લંડન જવા રવાના થઈ ગયો હતો. અને વિમાન દુર્ઘટનાના સમાચાર મળતા સિવિલ હોસ્પિટલમાં વડોદરા અને અમદાવાદથી મહેશ્વરી સમાજના લોકો અને ભાવિકના સ્વજનો દોડી આવ્યા હતા. આ અંગે ત્યાં હાજર સુકેતુના જણાવ્યા મુજબ, મહેશ્વરી સમાજમાંથી મોટી સંખ્યામાં લોકો સિવિલમાં આવ્યા છીએ. અમારી દીકરીના બે દિવસ પહેલા લગ્ન થયા હતા. તેનો પતિ લંડન જવા રવાના થયો હતો અને તે આ વિમાનમાં હતો. ઈજાગ્રસ્તોને સિવિલમાં લાવ્યા હોવાથી અમે અહીંય આવ્યા છીએ. બીજી તરફ ચોધાર આંસુએ રડતી ભાવિકની પત્ની કે જેના હાથની મહેંદી પણ હજુ તાજી છે તે બે હાથ જોડીને પોલીસવાળાઓને કગરી રહી હતી કે સાહેબ મને ભાવિકને મળવા દો..મને અંદર જવા દો...મારે તેને મળવું છે. પરિણીતાનો રોકકળ અને આજીજી સાંભળીને આખરે પોલીસવ-ાળોઓએ તેને વોર્ડની અંદર જવા દીધી હતી.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યાનો કાર્યક્રમ

### મંગળવાર થી રવિવાર સુધી સાંજે યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૧૭/૦૬/૨૫ ને મંગળવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''બંસરી ઈવેન્ટ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૮/૦૬/૨૫ ને બુધવાર નાં રોજ ૫:૩૦ કલાકે ''રીધમ મ્યુઝીકલ ગ્રુપ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તથા તા. ૧૯/૦૬/૨૫ ને ગુરુવાર નાં રોજ ૫:૩૦ કલાકે'' એચ.કે.એન્ટર ટેઇનમેન્ટસ'' દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે તેમજ તા. ૨૦/૦૬/૨૫ ને શુક્રવાર નાં રોજ ''એ.વી. મ્યુઝીકલ ગ્રુપ'' દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૨૧/૦૬/૨૫ ને શનિવાર નાં'' એ.ડી. એકેડમી'' દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે અને તા. ૨૨/૦૬/૨૫ ને રવિવાર નાં રોજ ''રંડટાઈટન બ્રિસ્ટ'' દ્વારા ૫:૩૦ કલાકે એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોએ આઇકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે. તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા અને સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઇ સોંલકી, કિશોરભાઇ ગોવિંદભાઈ, જ્યોતિબેન સુધીરભાઈ શાહ, હિરેનભાઇ રાવલ, અસગર અલી ઈસ્માઈઅલી, અલ્પેશભાઈ ડોડીયા, રમેશભાઈ મારુ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ચોમાસુ પાકના વાવેતર અંગે ખેડૂતો માટે જારી કરાયેલી કૃષિ સલાહો

### ખરીફ પાકોના વાવેતર માટે સારી ગુણવત્તાવાળું પ્રમાણિત બિયારણ જ વાપરવા સલાહ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હાલ ચોમાસુ નજીક આવી ગયું છે ત્યારે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તરઘડીયા દ્વારા કૃષિ સલાહો જારી કરવામાં આવી છે.

જે મુજબ, પશુઓના મળ-મૂત્ર તથા ખેત કચરામાંથી સંપૂર્ણ સડી ગયેલા ખાતરને ખાતરની ખાડથી બહાર કાઢવું. આગામી ખરીફ પાકના વાવેતર માટે જરૂરી આયોજન કરવું. આગામી ચોમાસુ પાકોના વાવેતર માટે જમીન ખેડીને તૈયાર કરવી. આગામી ચોમાસુ માટે પસંદગીના પાક અને જાતનું બિયારણ જરૂરી ખાતર અને દવા સમયસર મેળવી લેવા. પોતાનું, ખાનગી કંપની કે અન્ય પાસેથી ખરીદેલા બીજનો ઉગાવો થોડું સેમ્પલ લઈને ચકાસી લેવો. આગામી ખરીફ પાકોના વાવેતર માટે સારી ગુણવત્તાવાળું પ્રમાણિત બીજ મેળવી લેવું. ખેતરના શેઢા, પાળા, વરસાદી પાણીના નિકાલના ક્યારાની મરામત કરવી. જેથી જમીનનું ધોવાણ અટકાવી શકાય.

# દીકરીને મળવા લંડન જતા રાજકોટના એડવોકેટ અને કનકનગરનાં મહિલા મોતના ભેટીયા

### પ્લેનક્રેશ દુર્ઘટનામાં રાજકોટના ત્રણના મોતના સમાચાર સાંભળી મૃતકના પરિવારજનો અમદાવાદ દોડી ગયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનામાં રાજકોટના પૂર્વ મુખ્યમંત્રી ઉપરાંત એડવોકેટ અને કનકનગરમાં રહેતા મહિલાનું પણ મૃત્યું થયું છે. લંડન રહેતી દિકરીને મળવા માટે રાજકોટની એસ્ટ્રોન ચોકમાં ઓફિસ ધરાવતા એડવોકેટ નરશીભાઈ સગપરીયાના મોતના સમાચાર સાંભળી પરિવારજનો અમદાવાદ દોડી ગયા છે.

કાલાવડ રોડ ઉપર ભક્તિઆશ્રમ પાસે રહેતા નરશીભાઈની પુત્રી અને તેમના પત્ની લંડનમાં રહેતા હોવાથી તેમને મળવા જતા હતા ત્યારે અમદાવાદમાં બપોરે થયેલા ભયાનક વિમાન દુર્ઘટનામાં એડવોકેટ ભડથું થઈ ગયા છે. તેમના મૃતદેહને હોસ્પિટલમાં રાખવામાં આવી હોવાથી મૃતકના ભત્રીજા સહિતના પરિવારજનો અમદાવાદ દોડી ગયા છે.જ્યાં પરિવારના ડીએનએ સેમ્પલ લઈ મૃતદેહ સોંપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.આ ઉપરાંત કનકનગરમાં રહેતા મુક્તાબેન બચુભાઈ ડાંગર નામના મહિલાનું પણ મોત થયું છે. મુક્તાબેન તેમના પુત્રને મળવા એકલા લંડન જઈ રહ્યા હતા.

# જૂનાગઢના નિવૃત પ્રાધ્યાપક અને પત્ની લંડન ખાતે પુત્રને મળવા પ્લેનમાં જતા હતા ને ભોગ બન્યા

### કૃષિ યુનિવર્સિટીના બાગાયત વિભાગના હેડ તરીકે નિવૃત થયેલા હતાપુત્ર લંડન અને દીકરી સિંગાપોરમાં રહે છે, સાળા અમદાવાદમાં છે



**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

અમદાવાદમાં લંડન જતું એક પ્લેન ક્રેશ થયું, જેમાં જૂનાગઢની એક દંપતી પણ મુસાફરી કરી રહ્યું હતું, અહીંની કૃષિ યુનિવર્સીટીના બાગાયત વિભાગના પ્રાધ્યાપક તરીકે નિવૃત થયા બાદ તેઓ નિવૃત જીવન ગાળતા હતા, આજે તેઓ પતિ-પત્ની બને લંડન પુત્રને મળવા માટે જતા હતા, પ્લેન દુર્ઘટનાગ્રસ્ત બનતા તેમના પરિવાર અને પડોશીઓ ચિંતાતુર બન્યા છે.

જૂનાગઢમાં સરદારબાગ પાસે આવેલી શ્રીધરનગર સોસાયટીમાં છેલ્લા ૩૦ થી ૩૫ વર્ષથી સંસ્કાર નામના મકાનમાં રહેતા નિવૃત કૃષિ પ્રાધ્યાપક ચોવટિયા રવજીભાઈ શંભુભાઈ અને તેમના પત્ની શારદાબેન પ્લેનમાં લંડન પુત્ર હેમલને મળવા માટે નીકળ્યા હતા, રવજીભાઈના પડોશીઓ જે.કે.ચાવડા અને મગનભાઈ ગજેરાએ જણાવ્યું કે, રવજીભાઈ ખુબજ સત્સંગી વ્યક્તિ હતા, તેઓ પતિ-પત્ની દરરોજ સવારે સ્વામિનારાયણ મંદિરે મંગળા આરતી માટે અચૂક જતા હતા.

તેમનું વતન ઉના તાલુકાનું મોટા સમઢીયાળા ગામ છે, અહી જૂનાગઢમાં તેઓ છેલ્લા ૩૫ વર્ષથી રહે છે, તેમને સંતાનમાં એક દીકરો લંડન છે, અનેએક દીકરી જે શિંગાપોરમાં છે, તેઓ દર બે-ત્રણ વર્ષે છ-છ મહિના લંડન સ્થિત પુત્ર હેમલને મળવા માટે જતા હતા, ગઈકાલે તેઓ અમદાવાદના રહેતા તેમના સાળાને ઘરે રાતવાસો કર્યો અને બપોરે અમદાવાદથી લંડન જવા માટે પ્લેનમાં મુસ-ાફરી કરી રહ્યા હતા, જો કે આ દુર્ઘટના અંગે તેમનો પરિવાર અને પડોશીઓ ચિંતાતુર છે.

## છેલ્લી તસવીર..છેલ્લું આવજો.. હસતા ચહેરાઓ અંતે મુર્જાઈ ગયા


પટેલ જયશ્રીબેન મુકેશભાઈ


જેથરા નુસરતબાનુ અમીનભાઈ


પટેલ કૈલાશબેન ધીરૂભાઈ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદથી લંડન જઈ રહેલ પ્લેન ક્રેશ થઈ જતાં આ દુર્ઘટનામાં મોટાભાગના મુસાફરો ના મોતની આશંકાઓ વ્યકત કરાઈ રહી છે. દુર્ઘટનાગ્રસ્ત વિમાનમાં અરવલ્લી જિલ્લાની પણ ત્રણ મહિલાઓ પણ લંડન જઈ રહી હતી. ત્યારે આ ત્રણેય મહિલા મુસાફરોના મોત થયા હોવાની આશંકાઓ ઉભી થઈ છે. મોડાસા તાલુકાની બે અને બાયડ તાલુકાની એક મહિલા વિમાનમાં હતી અને પ્લેન ટેકઓફ થયાની મિનિટોમાં જ ક્રેશ થઈ ગયુ હતું. વિદેશ જઈ રહેલા સ્વજનને એરપોર્ટ ખાતે મુકવા ગયેલા પરિવારજનો એરપોર્ટ બહાર પણ નીકળ્યા ન હતા અને આ ગોઝારી દુર્ઘટના બની હતી.

# વડિયામાં પત્નીની ઉત્તરક્રિયા કરી લંડન પરત જતા યુવાનનું મોત

### અમદાવાદ પ્લેન દુર્ઘટનામાં અમરેલી જિલ્લાના ૪ના મૃત્યુઃ અમરેલીની દીકરી, તોરી ગામના વૃદ્ધા અને બાળકીનું પણ મોત



**મુખ્ય સમાચાર, અમરેલી**

અમદાવાદની ગોઝારી પ્લેન દુર્ઘટનામાં અમરેલી જિલ્લાના કુલ ચાર લોકોના મૃત્યુ થયા છે. વડીયાના યુવાન હાલ લંડન સ્થાયી થયા હતા અને ત્યાં તેમની પત્નીનું મૃત્યુ થયા બાદ ઉત્તરક્રિયા કરવા માટે વડીયા આવ્યા હતા અને લંડન પરત ફરતા હતા ત્યારે જ તેમનું પણ મૃત્યુ થયું હતું.

અમદાવાદની મહાભયાનક દુર્ઘટનામાં અમરેલી જિલ્લાએ પણ પોતાના ચાર વ્યક્તિઓને ગુમાવી દીધા છે. આ ઘટનાઓના પગલે મૃતકોના પરિવારજનોમાં ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મૂળ વડીયાના વતની એવા ૩૭ વર્ષના આશાસ્પદ યુવાન અર્જુનભાઈ મનુભાઈ પટોળીયા લંડનમાં સ્થાયી થયા હતા. ત્યાં તેમના પત્નીનું મૃત્યુ થયા બાદ ૧૧માં દિવસે કરવામાં આવતી ઉત્તરક્રિયા તેમજ અસ્થિ પધરાવવા વગેરેની ધાર્મિક વિધિ કરવા માટે તેઓ વડીયા આવ્યા હતા અને અહીં બધી વિધિ કર્યા બાદ ફરીથી લંડન જવા માટે આ ફ્લાઈટમાં ફરતા હતા ત્યારે તેમનું પણ આકસ્મિક રીતે મૃત્યુ થયું છે. આવી જ રીતે વડીયા તાલુકાના તોરી રામપુર ગામે રહેતા કાંતાબેન ધીરુભાઈ પાથડાળ નામના વૃદ્ધા અને તેમના પરિવારની ૩ વર્ષની નાની દીકરી નાવ્યા ચિરાગભાઈ પાઘડાળ પણ આ પ્લેનમાં બેસીને લંડન જતા હતા. મૂળ કુંકાવાવ તાલુકાનો આ પરિવાર લાંબા સમયથી અમદાવાદમાં સ્થાયીથયેલો છે અને ત્યાંથી તેઓ લંડન સ્થાયી થયા હતા.

અમરેલીમાં પોતાનું પિયર ધરાવતા અને રાજકોટમાં પરણીને ગયેલા તેમજ ત્યાંથી ઘણા વર્ષોથી લંડનમાં નિવાસ કરતા ૨૮ વર્ષના યુવાન પરિણીતા રિદ્ધિબેન પડસાળાનું પણ અમદાવાદની પ્લેન દુર્ઘટનામાં આકસ્મિક રીતે મૃત્યુ થયું છે. આ ચારેય વ્યક્તિના મૃત્યુથી ભારે શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# વિજયભાઈ રૂપાણીની મેયરથી માંડી મુખ્યમંત્રી સુધીની સફર





**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ વિમાની દુર્ઘટનામાં ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું નિધન થતાં માત્ર રાજકોટ જ નહિં ગુજરાતથી માંડીને રાજકીય રાજકારણમાં શોકની લાગણી ફરી વળી છે.

મ્યાંમારમાં જન્મેલા અને ભારત-માં સ્થાયી થયેલા વેપારી પરિવારનાં પુત્ર એવા વિજયભાઈએ વિદ્યાર્થીકાળથી શરૂ કરેલુ જાહેર જીવન મુખ્યમંત્રી પદ સુધી પહોંચ્યું હતું. આ દરમ્યાન જનસંઘ ભાજપ સાથે જોડાઈને પોતાની આગવી ઓળખ બનાવી હતી.

વિજયભાઈ રૂપાણી ૨૦૧૬ થી ૨૦૨૧ સુધી ગુજરાતનાં મુખ્યમંત્રીપદે રહ્યા હતા અને પોતાની અલગ જ ઓળખ ઉભી કરી હતી. કોર્પોરેટર, મેયર, ધારાસભ્ય, મંત્રી, મુખ્યમંત્રી, રાજયકક્ષાનાં સભ્ય સહિતનાં પદ સંભાળ્યા હતા.

ઉપરાંત ધાર્મિક-સામાજીક સહિતના ક્ષેત્રોમાં અમુલ્ય યોગદાન આપ્યુ છે. પ્લેન દુર્ઘટનામાં તેમના નિધનથી આઘાતની લાગણી વચ્ચે તેમનાં જન્મથી માંડીને જાહેર જીવન સુધીની કારકીર્દીની સફર અત્રે પ્રસ્તુત છે.

વિજયભાઈ રૂપાણીનો જન્મ મ્યાંમાર (ત્યારે બર્મા તરીકે ઓળખાતો હતો) ના પાટનગર રંગુનમાં ૨ ઓગસ્ટ ૧૯૫૬ ના રોજ થયો હતો. તેમના પિતા રમણીકભાઈ ૧૯૬૦ માં ભારત આવી ગયા હતા અને રાજકોટમાં સ્થાયી થયા હતા. દેખીતી રીતે વિજયભાઈ પણ ચાર વર્ષની ઉંમરે રાજકોટ આવી ગયા હતા અને રાજકોટમાં જ શિક્ષણ મેળવ્યુ હતું.

વિજયભાઈ રૂપાણી જૈન પરિવારનાં છે તેમના પિતા વેપાર-વ્યવસાયમાં પ્રવૃત હતા એટલે તેઓના લોહીમાં પણ વેપાર હતો.

મ્યાંમારથી નાની-બાળવયે જ રાજકોટ આવી ગયેલા વિજયભાઈ રૂપાણીએ રાજકોટમાં જ શિક્ષણ મેળવ્યુ હતું.વિદ્યાર્થીકાળ દરમ્યાન અખિલ ભારતીય વિદ્યાર્થી સંગઠન (એબીવીપી) સાથે જોડાય ગયા હતા અને સમયાંતરે વિદ્યાર્થી નેતા તરીકે ઉભરવા સાથે જાહેર જીવનમાં પદાર્પણ કર્યું હતું.

૧૯૭૧ માં ગુજરાતથી માંડીને રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસનો સુરજ ચમકતો હતો. રાજકારણમાં કોંગ્રેસનું એક ચક્રી શાસન હતું ત્યારે સાડા પાંચ દાયકા પુર્વે તેઓ જનસંઘમાં જોડાઈ ગયા હતા.જનસંઘ ભાજપ બન્યો ત્યારે ભાજપનાં સ્થાપનાકાળથી જ તેમાં જોડાયેલા રહ્યા હતા.

ભારતીય રાજકારણમાં બહુ ઓછા નેતા વિચારધારાને વફાદાર રહ્યા છે અને દાયકાઓ સુધી એક જ પક્ષ સાથે જોડાયેલા રહ્યા છે. તેમાં વિજયભાઈ રૂપાણીનુ નામ આવી જાય છે.૧૯૭૧ ના જનસંઘ વખતથી તેઓ સંઘ-ભાજપની વિચારધારાને જ વરેલા રહ્યા હતા અને કયારેય પાર્ટી કે વિચારધારા સાથે બાંધછોડ કરી ન હતી.

વિદ્યાર્થીકાળ વખતથી જનસંઘ તરફ લગાવ હતો અને તે છેવટ સુધી અકબંધ રહ્યો હતો. આગળ જતા તેઓ ભાજપના કોર્પોરેટર બન્યા, રાજકોટના મેયર બન્યા, ધારાસભ્ય-મંત્રી બન્યા અને ૨૦૧૬ માં મુખ્યમંત્રીપદ મળ્યુ હતું.

ગુજરાતનાં રાજકારણમાં આગવી તાકાત ધરાવતા વિજયભાઈ રૂપાણી પ્રથમ વખત ૨૦૧૪ માં ધારાસભ્ય બન્યા હતા.રાજકોટ-૨ ની બેઠકનાં તત્કાલીન ધારાસભ્ય-પુર્વ નાણામંત્રી વજુભાઈ વાળાને રાજયપાલ બનાવાતા તેઓએ પણ બેઠક ખાલી કરી હતી. આ બેઠક પર વિજયભાઈને ટીકીટ આપવામાં આવી હતી. પેટા ચૂંટણીમાં તેઓએ જીત હાંસલ કરી હતી અને ત્યારબાદ તત્કાલીન આનંદીબેન પટેલની સરકારમાં તેઓને પાણી પુરવઠા, શ્રમ રોજગાર, પરિવહન જેવા વિભાગોની જવાબદારી સોંપવામાં આવી હતી.

રાજયમાં કેબીનેટમાં સ્થાન ધરાવવાની સાથોસાથ તેઓ છ-સાત મહિના જેવા ટુંકાગાળા માટે ભાજપ પ્રદેશ પ્રમુખ તરીકેની પણ જવાબદારી સંભાળી હતી. ફેબ્રુઆરી ૨૦૧૬ થી ઓગસ્ટ ૨૦૧૬ સુધી તેઓ પ્રદેશ પ્રમુખ રહ્યા હતા.

પાંચ દાયકાનાં જાહેર જીવનની વફાદારી વિચારધારા બાદ ઓગસ્ટ ૨૦૧૬ માં તેઓને મુખ્યમંત્રીપદની જવાબદારી સોંપવામાં આવી હતી. ૭ ઓગસ્ટ ૨૦૧૬ ના રોજ મુખ્યપ્રધાન પદનાં શપથ ગ્રહણ કર્યા હતા. ૨૦૨૧ સુધી તેઓ મુખ્યમંત્રીપદે રહ્યા હતા. રાજકારણમાં નાટયાત્મક ઘટનાક્રમ સામાન્ય છે.

પણ આ રીતે જ મળ્યુ હતું. તેવી જ રીતે પદત્યાગ પણ અસામાન્ય રીતે જ કર્યો હતો. મોવડી મંડળની સુચનાથી કલાકોની અંદર જ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૧ ના રાજીનામું આપી દીધુ હતું.

ગુજરાત-ભારત સહિત દેશભરને ધ્રુજાવનારા અને હાહાકાર સર્જનારા કોરોના કાળ વખતે મુખ્યમંત્રીપદે વિજય રૂપાણી જ હતા.લોકડાઉન સહિતનાં કાર્યોની વ્યાપક પ્રસંસા પણ થઈ હતી.

વિજયભાઈ રૂપાણીને ભાજપના સિનીયર નેતા તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની નજીકનાં ગણવામાં આવતા હતા. તેઓને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા ત્યારે ભાજપના નેતાઓ પણ ચોંકયા હતા. મુખ્યમંત્રીની જવાબદારી સોંપવામાં અમિતભાઈનો રોલ હોવાનું કહેવાતું હતું અને આ માટે નરેન્દ્રભાઈ મોદીને પણ વિશ્વાસમાં લઈ લીધા હતા.

વિજયભાઈ રૂપાણીનાં પરિવારમાં પત્નિ અંજલીબેન ઉપરાંત બે સંતાનમાં પુત્ર ઋષભ તથા પુત્રી રાધિકા છે. ભૂતકાળમાં પુત્ર પુજીતનું આકસ્મિક અવસાન થયુ હતું અને તેની યાદમાં પુજીત રૂપાણી ટ્રસ્ટ નામે આરોગ્ય પ્રવૃતિ ચલાવે છે.

## પુત્રનું અકસ્માતે મૃત્યુ થતાં પિતા વિજયભાઈએ ગરીબ બાળકો માટે સેવા યજ્ઞ શરૂ કર્યો

### રાજકોટમાં પૂજિત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટ સંસ્થાએ ૩૨૫થી વધુ બાળકોને સુશિક્ષિત કરીને પગભર બનાવ્યા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જ્યારે તેમનો સૌથી પહેલો પુત્ર પૂજિત અત્યંત નાની વયે ગુમાવ્યો ત્યારે ભારે આઘાતમાં મુકાયા બાદ તેમણે પુત્રને શ્રદ્ધાંજલિ આપવા માટે કચરો વીણતા અને ઝૂંપડપટ્ટીમાં વસવાટ ગરીબ પરિવારના બાળકોનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ લીધો હતો અને એ સંકલ્પ એટલે પૂજિત રૂપાણી મેમોરિયલ.

વિજય રૂપાણીના એક પાડોશી જણાવે છે કે આજથી ત્રીસેક વર્ષ પહેલાં તેમના સસરાના જન્મદિવસ પ્રસંગે રૂપાણી પરિવાર અમદાવાદ ગયો હતો ત્યારે માત્ર બે-અઢી વર્ષની ઉંમરનો પૂજિત ગેલેરીમાં પેન્સિલ વડે રમતો હતો. ગેલેરીમાંથી નીચે પડેલી પેન્સિલ લેવા ગયો એ સાથે તે નીચે પડી ગયો હતો. ગંભીર ઈજાથી માસૂમ બાળકે પ્રાણ ગુમાવ્યા હતા.

વહાલસોયા દીકરાનું કુમળી વયે અવસાન થતાં તેની સ્મૃતિમાં ૧૯૯૪-૯૫ના વર્ષ દરમિયાન વિજયભાઈએ ટ્રસ્ટની સ્થાપના કરી હતી. આ ટ્રસ્ટ દ્વારા જ્ઞાન પ્રોબોધિની પ્રોજેક્ટ હેઠળ ધો.૮થી ૧૨ સુધી અને ત્યાર પછી મેડીકલ અને એન્જીનિઅરિંગમાં એડમિશન મળે ત્યાં સુધી બાળકને દત્તક લઈને અભ્યાસ કરાવવામાં આવે છે. અત્યારે આ પ્રોજેક્ટ હેઠળ ૯૫ બાળકો અભ્યાસ કરે છે. ૨૯૦ બાળકો આ પ્રોજેક્ટ હેઠળ અભ્યાસ કરીને આગળ વધ્યા છે.

ઉપરાંત ગરીબ બાળકોને કોમ્પ્યુટર શીખવવા ૨૦૦૮થી પરમદીપ પ્રોજેક્ટ પણ ચલાવાવમાં આવે છે. ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં ૩૨૫થી વધુ બાળકોને સુશિક્ષિત બનાવીને પગભર બનાવવામાં આવ્યા છે.

## રૂપાણીએ એક સપ્તાહ પૂર્વેની ટિકીટ કેન્સલ કરાવી, તા.૧૨મીની ફ્લાઈટમાં બેઠા, દુર્ઘટનાનો ભોગ બન્યા

### લંડનમાં પુત્રીના ઘરે ધાર્મિક પ્રસંગ માટે મિત્રો-સ્વજનો સાથે ગ્રુપ બુકિંગ કરાવેલું, નિતીન ભારદ્વાજ-ધનસુખ ભંડેરી લંડન પહોંચી ગયા વિજયભાઈ બાદમાં નીકળ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ એરપોર્ટ ઉપર બપોરે થયેલ પ્લેન ક્રેશની ઘટનામાં રાજકોટ ભાજપના સીનીયર નેતા અને પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાથે પણ કહેવત મુજબ જ બનાવ બન્યો છે. રૂપાણીએ એક સપ્તાહ પૂર્વે લંડનની ટિકીટ બુક કરી હતી તે તેઓએ કેન્સલ કરાવી આજની ફલાઈટમાં લંડન જવા રવાના થયા હતા ત્યારે અરેપોર્ટ ઉપર જ પ્લેન તૂટી પડતા તેમનું મૃત્યું થતા રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં શોકની કાલીમા છ્વાઈ ગઈ છે.

સ્વ. વિજયભાઈના નિકટના મિત્રોએ જણાવ્યું હતું કે, લંડનમાં રહેતી પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈની પુત્રીના ઘરે ધાર્મિક પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આથી તેઓ આ પ્રસંગમાં હાજરી આપવા માટે ગત તા.૫ના રોજ લંડનની ફલાઈટની ટિકીટ બુક કરાવી હતી. પરંતુ વિધાનસભા અને ગ્રામ પંચાયતની ચૂંટણી તેમજ પંજાબની કામગીરીના કારણે તેઓએ આ ટિકીટ કેન્સલ કરાવી તા.૧૨ના રોજ કરાવી હતી. જો વિજયભાઈ પત્ની સાથે તા.૫ના રોજ લંડન આવી ગયા હોત તો આ દુર્ઘટનામાં બચી ગયા હોત તેવો વસવસો મિત્રોએ વ્યક્ત કર્યો હતો.

તેઓ તેમના અન્ય નજીકના મિત્રો સાથે લંડન જવા રવાના થયા હતા. તેમના અન્ય મિત્રો અને સ્વજનો નિતીનભાઈ ભારદ્વાજ, ધનસુખભાઈ ભંડેરી ગત તા.૧૦ના રોજ લંડન પહોચી ગયા હતા જ્યાં તેઓ તેમની પુત્રીના ઘરે પ્રસંગમાં હાજરી આપી અગાઉ પહોચી ગયેલા તેમના પત્ની અંજલીબેન રૂપાણસ સહિત મિત્રો સાથે પરત રાજકોટ આવનાર હતા. પરંતુ બપોરે પ્લેન ક્રેશના સમાચાર સાંભળી સ્વજનોમાં શોક છ્વાયો છે.

## બુટલેગરનો નવો કીમિયો તેલના ડબ્બાની આડમાં દારૂનો વેપલો

### પાર્કિંગમાં કાર રાખી દારૂ વેચતા બુટલેંગરને પોલીસે દબોચી લીધો; ૫.૬૭ લાખનો મુદામાલ જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં પેડક રોડ પર સેટેલાઈટ ચોક બોમ્બે સુપર હાઈટસનાં પાર્કીંગમા કાર પાર્ક કરી તેલનાં ડબ્બાની આડમા દારૂ વેચતો હોવાની બાતમી મળતા એલસીબી ઝોન ૧ ની ટીમે દરોડો પાડી ૨૪૦ દારૂનાં ચપલા રૂ. ૬૨૪૦૦ અને કાર તેમજ બાઈક સહીત રૂ. ૫ લાખ ૬૭ હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો. વધુ વિગતો મુજબ એલસીંબી ઝોન ૧ ની ટીમનાં પીએસઆઈ બી.વી. ચુડાસમા, રવીરાજભાઈ પટગીર, સત્યજીતસિંહ જાડેજા અને દિવ્યરાજસિંહ સહિતનાં સ્ટાફે પેડક રોડ પર સેટેલાઈટ ચોક બોમ્બે સુપર હાઈટસનાં પાર્કીંગમા કાર પાર્ક કરી તેલનાં ડબ્બાની આડમા દારૂ વેચતો હોવાની બાતમી મળતા દરોડો પાડી બુટલેગર ચંદુ ઉર્ફે સંજયભાઈ ટોપીયાને પકડી લઈ તેમની પાસેથી અલગ અલગ બ્રાન્ડનાં ૨૪૦ ચપલા સહીત રૂ. ૫.૬૭ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. આરોપી પોતાનાં રોજનાં ગ્રાહકોને દારૂનો જથ્થો વેચતો હોવાનુ જાણવા મળ્યુ હતુ. આ મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

## હીરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ ઈમરજન્સી લેન્ડિંગ માટે મોડી રાત સુધી એલર્ટ

### એર ઈન્ડિયા ફ્લાઈટ ક્રેશની ગોઝારી ઘટનાના પગલે અમદાવાદ એરપોર્ટ બંધઃ એરલાઈન્સ સ્ટાફને સૂચના, આપાતકાલિન સમયે ફ્લાઈટ ડાયવર્ટ થઈ શકે




**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદમાં બપોરે લંડન જતી એર ઈન્ડિયાની ૧૭૧ બોઈંગ ફ્લાઈટ ક્રેશ થતા તેમાં સવાર અનેક મુસાફરોના મોત નિજ્યા છે. ત્યારે એરપોર્ટ નજીક જ આ ઘટના બનતા અમદાવાદ એરપોર્ટ મોડી રાત સુધી બંધ રાખવાની જાહેરાત કરી હતી. જેના પગલે રાજકોટ હીરાસર એરપોર્ટ એલર્ટ મોડ પર રાખવામાં આવ્યુ હતું.

અમદાવાદથી ૨૪૨ જેટલા મુસાફરો સાથે લંડન જવા માટે નિકળેલી ફ્લાઇટ ઉડાન ભરતા જ કોઈ ટેકિન્કલ ખામીના કારણે ક્રેશ થઈ જતા અનેક મુસાફરો અને બિલ્ડીંગમાં રહેતા લોકોના મોત નિપજ્યા હતા. આ ગોઝારી ઘટના એરપોર્ટ નજીક જ બનતા અમદાવાદનું એરપોર્ટ થોડીવાર માટે તમામ ઓપરેશન માટે બંધ કરી દેવામાં આવ્યુ હતું. જેના કારણે તાત્કાલિક ધોરણે રાજકોટ હીરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એરલાઈ ન્સના સ્ટાફને એલર્ટ મોડ પર રહેવાની સુચના આપવામાં આવી હતી.

એરપોર્ટના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એર ઈન્ડિયા ફ્લાઈટ ક્રેશ થયાની ગોઝારી ઘટનાના પગલે અમદાવાદ એરપોર્ટ પરથી ફ્લાઈટના શેડ્યુલ ખોરવાયા હતા અને પહેલા એરપોર્ટ બંધ રાખવાનું જાહેર કરી બાદમાં અમુક ફ્લાઈટ સાથે કામગીરી રાબેતા મુજબ ચાલુ કરી હતી. પરંતુ તે દરમિયાન જો કોઈ પણ ફ્લાઈટને ઈમરજન્સી લેન્ડિંગની જરૂર પડે તો રાજકોટ હીરાસર એરપોર્ટના સ્ટાડને એલર્ટ મોડ પર રહેવા માટે જણાવ્યુ હતું.

## ગોંડલના ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ ૮.૫૦ લાખ ચૂકવ્યાં છતાં વ્યાજખોર એ વધુ પાંચ લાખ માંગ્યા

### બે શખસોએ ધમકી આપી બે કોરા ચેક લખાવી લીધા, પોલીસે વ્યાજખોરો સામે મનીલેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલમાં વ્યાજખોરો એ ટ્રાન્સપોર્ટના ધંધાર્થીએ વ્યાજે લીધેલ ૮.૫૦ લાખ વ્યાજ સહિત ચૂકવી દીધા છતાં બે વ્યાજખોરોએ વધુ રૂપિયા પાંચ લાખની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપી બે કોરા ચેક લખાવી લીધા હતા જે અંગે ગોંડલ બીડીવીઝન પોલીસ મથકમાં વ્યાજખોરો સામે ગુનો નોંધાયો હતો. બનાવ અંગે ગોંડલના કપુરીયા ચોક શેરી નં.૬ માં રહેતાં રાજ ઘેલાભાઈ બાંભવા (ઉવ.૨૪) એ નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે યાગ્નિક દિનેશ કડિયા અને નાગજી ગોલતરનું નામ આપતા બી ડિવિઝન પોલીસે મનીલેન્ડ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ માર્કેટીંગ યાર્ડ સામે દ્વારકાધીશ ટ્રાન્સપોર્ટની ઓફીસ આવેલ છે ત્યાં ભાડામાં આઈસર ચલાવે છે. ૧૪ મહીના પહેલા ધંધા માટે પૈસાની જરૂર પડતા યાજ્ઞીક ગોલતર તથા નાગજી ગોલતર પાસે થી રૂ૮.૫૦ લાખ માસીક ૫ % વ્યાજે લીધેલ હતા.

જે તે વખતે સીકયુરીટી પેટે આ લોકો પાસે ૨.૫ તોલાનુ સોનાનુ કડુ, એક ૧.૫ તોલાનુ સોનાનુ કડુ, સ્વીફ્ટ ગાડી તથા બુલેટ ગીરવે મુકેલ હતા. કેતનભાઈ હસ્તક પૈસા લીધેલ હોય જેથી દર મહીને કેતન ઝાપડા(સીંધવ) ને માસીક ૫ % લેખે વ્યાજ પહોંચાડતો હતો. કટકે કટકે વ્યાજખોરોને રૂ૮.૫૦ લાખ ચુકવી આપેલ હતા.પરંતુ આ લોકો તેમની પાસે વધું ૫.૫૦ લાખ માંગતા હોય જેથી વ્યાજખોરોને કહેલ કે, મે તમારા પૈસા ચુકવી આપેલ છે, છતા આ લોકો પૈસાની અને વ્યાજની ઉઘરાણી કરતા હોય જેથી તેને પૈસા આપવાની ના પાડતા છ મહીના પહેલા ફરિયાદીના બે ટ્રક હાઈવે ઉપર ટી.વી.એસ. શો રૂમ સામે બાપાસીતારામ સર્વીસ સ્ટેશન પાસે રાખેલ હોય જે બન્ને ટ્રક ત્યાંથી આરોપી લઇ ગયેલ હતા.

બાદમાં તેઓને ખબર પડતા કેતનભાઈને ફોન કરતા તેઓએ કહેલ કે, તુ ટાઇમ ટુ ટાઇમ આ લોકોને વ્યાજ પહોંચાડીદે એટલે તારા ટ્રક પાછા આપી દેશે. આરોપીઓએ છ મહીના બન્ને ટ્રક તેની પાસે રાખેલ હતા. જે બાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં અરજી કરેલ તેની જાણ આરોપીને થતા બંને ટ્રક પરત આપી ગયેલ હતા. ગઈ તા.૦૩ ના રોજ તેઓ પાસેથી બે ચેક લખાવી લીધેલ હતા.

## એર ઈન્ડિયાના વિમાનમાં ૧૬૯ ભારતીયો, ૫૩ બ્રિટિશરો, ૭ પોર્ટુગીઝ, એક કેનેડિયન હતા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદથી લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ૨૪૨ મુસાફરો સાથે ફ્લાઈટ ટેકઓફ કર્યાની મિનિટોમાં જ મેઘાણીનગર વિસ્તારની બી.જે. મેડિકલ કોલેજની હોસ્ટેલ પર તૂટી પડતા એક મુસાફર સિવાય ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, કેટલાક ઉદ્યોગપતિ સહિત તમામનાં મોત થયા છે. જયારે મેડિકલ કોલેજ હોસ્ટેલના ૫૦ ઈન્ટર્ન ડોક્ટર પણ આ દુર્ઘટનામાં મોતને ભેટતા કુલ મૃત્યુઆંક ૨૯૦થી વધુ પર પહોંચી ગયો છે. હોસ્ટેલ પર વિમાન તૂટી પડયા બાદ આગના ગોળામાં ફેરવાઈ ગયું હતું. જો કે હજુ સુધી સત્તાવાર રીતે મૃત્યુઆંકની જાહેરાત કરવામાં આવી નથી. મોડી સાંજ સુધીમાં ૨૮૪ જેટલા મૃતદેહ મળી આવ્યા હતા. બાજુની મેસમાં જમી રહેલા અનેક ડોક્ટરોને ઈજા થઈ હતી. દીવના એકમાત્ર પ્રવાસીનું આબાદ બચાવ થયો હતો. ૫૦થી વધુ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ફ્લાઈટ બપોરે ૧.૩૯ વાગે ટેક ઓફ થઈ હતી અને તરત જ પાઈલટ તરફથી મેડેનો મેસેજ આવ્યો હતો. પરંતુ એટીસી ફરી સંપર્ક કરે તે પહેલા તો વિમાન તૂટી પડયું હતું. ઉલ્લેખનીય છે કે અમદાવાદ એરપોર્ટ પર ઓક્ટોબર ૧૯૮૮માં પણ આવી જ દુર્ઘટના બની હતી. મુંબઈથી અમદાવાદ આવી રહેલું ઈન્ડિયન એરલાઈન્સનું વિમાન લેન્ડિંગ સમયે તૂટી પડતા ૧૩૩ લોકોનાં મોત થયા હતા.

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૧૨ જૂને બપોરે ૧.૩૮ વાગ્યે એર ઈન્ડિયાનું પ્લેન (-૧૭૧ ) ટેકઓફ થયું હતું. જેમાં પ્લેનમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ૨૩૦ પેસેન્જર અને ૧૨ ક્રૂ મેમ્બરો સહિત કુલ ૨૪૨ લોકો સવાર હતા. પ્લેન ૬૦૦ મિટર દૂર ૧.૪૦ વાગ્યે આઈજીબી કેમ્પસમાં યુજી મેસ કેન્ટીન પાસે પહોચ્યુ તે સમયે કેન્ટીનના ટેરેસના ભાગે ધડાકાભેર અથડાતા બ્લાસ્ટ થયો હતો. બાદમાં ક્રેશ થઈને પ્લેન ઈન્ટર્ન ડોકટરો જ્યાં રહેતા તે અતુલ્યમ-૩,૪ હોસ્ટેલમાં ત્રીજા, ચોથા અને પાંચમા માળમાં ઘૂસી ગયું હતું. પ્લેન અથડાતા બે ટુકડા થઈ ગયા હતા અને હોસ્ટેલ સહિતની આસપાસની જગ્યાએ આગ લાગી હતી. તેમજ પ્લેન અથડાતા બિલ્ડિંગ જર્જરિત થઇ ગઈ છે નજરે જોનારાના મતે વિમાન તૂટી પડતા મોટો બોમ્બ બ્લાસ્ટ જેવો ધડાકાભેર અવાજ આવતા દૂર દૂર સુધી સંભળાયો હતો અને આગના ધુમાંડા આસપાસના પાંચ કિલોમીટર સુધી દેખાયા હતા. બનાવના પગલે ફાયરબિગેડ, પોલીસ સહિતની એજન્સીઓને જાણ કરતા ઘટના સ્થળે પહોચીને રેસ્ક્યુ ઓપરેશન હાથધરીને રાત સુધી મૃતકોને બહાર કાઢીને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલમાં મોકલી આપ્યા હતા. બીજી તરફ સિવિલ હોસ્પિટલ નજીક આ ઘટના બનતા ચાર રસ્તા પર ટ્રાફિકને રોકવા માટે તમામ રસ્તાઓ બંધ કરવાની ફરજ પડી હતી. અને ઘટનાના પોણા કલાક બાદ સમગ્ર બાબતે સેન્ટ્રલ સુરક્ષા એજન્સીઓએ મોરચો સંભાળી લીધો હતો.

## લંડનમાં પ્રાર્થનાસભામાં જતા પોરબંદરના ત્રણ લોકોનાં મોત

### પતિના મૃત્યુની વિધિ પૂર્ણ કર્યા બાદ પરત ફરતી વખતે બન્યો બનાવ, દુર્ઘટનાની જાણ થતાં બર્ડાઈ સમાજમાં શોકનું મોજું

**મુખ્ય સમાચાર, પોરબંદર**

અમદાવાદમાં વિમાન ક્રેશની દુર્ઘટનામાં પોરબંદરના બરડાઈ બ્રહ્મસમાજના મૂળ લંડન સ્થિત પરિવારના ત્રણ સભ્યોના મોત થયા

અમદાવાદ ખાતે એર ઈન્ડિયા ની લંડન જતી ફ્લાઈટ ક્રેશ થતા ૨૦૦ થી વધુ લોકોના મોત નીપજ્યા છે જેમાં પોરબંદરના બરડાઈ બ્રહ્મસમાજના મુરારી ફરસાણવાળા મોઢા પરિવારના ત્રણ લોકોના મોત થયા છે. પરિવારના રાજભાઈ મોઢાએ માહિતી આપતા જણાવ્યુ હતુ કે તેના લંડન સ્થિત માસી રક્ષાબેન કિશોરભાઈ મોઢા (ઉ.વ.૫૫) અને માસા કિશોરભાઈ ગત ફેબ્રુઆરીમાં પોરબંદર આવ્યા હતા અને કિશોરભાઈને કેન્સર હોવાથી તેઓની સારવાર ચાલુ હતી જે દરમ્યાન ગત તા ૨૬-૪ ના રોજ કિશોરભાઈનું અવસાન થયુ હતુ તેથી પોરબંદર ખાતે તમામ વિધિ પૂર્ણ કર્યા બાદ લંડન ખાતે કિશોરભાઈની પ્રાર્થનાસભાનું આયોજન કરવામાં આવ્યુ હોવાથી રક્ષાબેન તથા તેના અમદાવાદ ખાતે રહેતા પુત્રવધુ યશાબેન કિશન મોઢા (ઉ.વ. ૩૦)અને યશાબેનનો પુત્ર રૂદ્ર (ઉવ ૨) ત્રણેય એર ઈન્ડિયાની ફ્લાઈટમાં લંડન જવા રવાના થયા હતા અનેપ્લેન ક્રેશ થતા આ દુર્ઘટનાની જાણ થતા રાજભાઈ અને તેનો પરિવાર અમદાવાદ જવા રવાના થયો છે રક્ષાબેનનો પરિવાર લંડનના વેલિંગબરોમાં મીઠાઈ અને કેટરિંગના વ્યવસાય સાથે સંકળાયેલ હોવાનું જાણવા મળે છે.

## તાલાલા પાસે એથીઝ ફાર્મ હાઉસમાં ચાલતી દારૂની મહેફીલ માણતા રાજકોટ જીલ્લાના ૨૨ ઝડપાયા

### બાતમીના આધારે તાલાલા પોલીસે છાપો મારી રંગમાં ભંગ પાડયોઃ પોલીસે રૂ.૪૧ લાખ ૩૦ હજાર ૬૬૦ નો મુદ્દામાલ કબજે કર્યો



**મુખ્ય સમાચાર, તાલાલા**

તાલાલા ગીરથી ૧૫ કિ.મી દૂર સુરવા ગીર-હડમતીયા ગીર માર્ગ ઉપર આવેલ એથીઝ ફાર્મ હાઉસમાં ચાલતી દારૂની મહેફિલ ઉપર પોલીસ ત્રાટકતા દારૂની મહેફિલ ની મજા માણતા રાજકોટ વિસ્તારના પ્યાસીઓના રંગમાં ભંગ પડી ગયો હતો.પોલીસે બાવીસ શખસોની ધરપકડ કરી રૂ. ૪૧.૩૦, ૬૬૦નો મુદામાલ કબજે કર્યો છે.

તાલાલા પંથકના સુરવા ગીર-હડમતીયા ગીર ગામે જતાં માર્ગ ઉપર આવેલ એથીઝ ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ ચાલતી હોવાની પોલીસને ચોક્કસ બાતમી મળતા તાલાલા પી.આઈ.જે.એન.ગઢવી તથા પી.એસ.આઈ.પી.વી.ધનેશા એ સ્ટાફ સાથે ફાર્મ હાઉસમાં છાપો માર્યો છે. હતો.પોલીસે દારૂની મહેફિલ ની મજા માણતા રાજકોટ વિસ્તારના ૨૨ શખ્સો તથા મૂળ ગીર ગઢડા તાલુકાના ઝુડવડલી ગામે રહેતા ફાર્મ હાઉસના સંચાલક દીપ ઘનશ્યામભાઈ દોમડીયા સહિત ૨૩ શખ્સોની ફાર્મ હાઉસમાંથી ધરપકડ કરી હતી.પોલીસે મહેફિલના સ્થળેથી સાત બોટલ ભારતીય બનાવટ નો વિદેશી દારૂ, ૨૫ મોબાઈલ, ચાર ફોરવીલ સાથે કુલ રૂ.૪૧ લાખ ૩૦ હજાર ૬૬૦ નો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલ શખ્સો સામે પ્રોહીબીશન ની વિવિધ કલમો હેઠળ તાલાલા પોલીસ સ્ટેશનમાં તમામ શખ્સો સામે ગુનો દાખલ કરી પી.આઈ જે.એન ગઢવીએ કાયદાકીય કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી પોલીસે સાગર મનોજ ડાભી રે.રાજકોટ,અક્ષીત દિનેશ વેકરીયા રે.પાળ તા.લોધીકા,ઓમ કિશોર ધરડુસીયા રે.રાજકોટ,વિરાજ કિશોર ધરડુસીયા રે.રાજકોટ, પાર્થ પ્રફુલ મારવીયા રે.રાજકોટ, મીત જીતેન્દ્ર સરસરીયા રે. રાજકોટ, વત્સલ ચંદ્રેશ સખીયા રે.દાળીયા તા.ગોંડલ,મંથન અશ્વિન ગોંડલીયા રે.વાડાધારી તા.ગોંડલ,હર્ષ રમેશ પીપળીયા રે.રાજકોટ, પ્રિન્સ અરવિંદ હાપલીયા રે.રાજકોટ, અંચિત રમેશ વેકરીયા રે.રાજકોટ,કુશ હિરેન વસોયા રે. રાજકોટ,નિકુંજ ભવાન ટીલાળા રે.પાળગામ તા.લોધીકા, ફેનિલ મનીષ સોજીત્રા રે.રાજકોટ, મીત શૈલેષ ટીલાળા રે.પાળગામ તા. લોધીકા,જેનિશ મુકેશ ટીલાળા રે. પાળગામ તા.લોધીકા,અભિષેક વિનોદ દોંગા રે.રાજકોટ,મિલન લલીત તંતી રે.પાળગામ તા. લોધીકા, રાજ મુકેશ વસોયા રે. પાળગામ તા.લોધીકા,હર્ષ મનિષ વેકરીયા રે.રાજકોટ,અર્જુન મુકેશ મુંગરા રે.રાજકોટ,બિપીન દેવજી ભલાળા રે.રાજકોટ,દિપ ઘનશ્યામ દોમડીયા રે.હડમતીયા ગીર એથિઝ ફાર્મ હાઉસ મુળ.ઝુડવડલીતા.ગીર ગઢડાને ઝડપી લીધા હતા.

## ઢેબર રોડ પર ચાલુ બાઈકમાં હૃદયરોગનો તીવ્ર હુમલો આવતા ચાલકનું મોત

### શાસ્ત્રીનગરમાં પ્રૌઢ ઘરે બેભાન થઈ ઢળી પડતા મૃત્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ બે લોકોના હૃદયરોગના હુમલાથી મોત નિપજયાંના બનાવ પોલીસ ચોપડે નોંધાયા છે. ત્યારે કોઠારીયા રોડ પર રામ પાર્ક-૪માં રહેતા ઉકાભાઈ માવજીભાઈ સખીયા ઉ.૫૪ નામના પ્રૌઢ ઢેબર રોડ કડવીબાઈ સ્કુલના ગેઈટ નજીક બાઈક હંકારીને જતાં હતા ત્યારે ચાલુ બાઈકમાં હાર્ટ એટેક આવતા તેને વાહન ધીમુ રાખી નીચે ઉતરતા બેભાન થઈ ઢળી પડતા તાકિદે બેભાન હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કરતા ભકિતનગર પોલીસ મથકનો સ્ટાફ દોડી જઈ તપાસ હાથ ધરતા મૃતક ખેતી સાથે કન્સ્ટ્રકશનનું કામ કરતાં હતાં.ચાર બહેન અને બે ભાઈમાં નાના હતા.સંતાનમાં એક દિકરી અને બે દિકરા હોવાનું જાણવા મળ્યું છે. તેમજ નાનામવા રોડ અજમેરા શાસ્ત્રીનગર બ્લોક નં ઈ૨૯માં રહેતાં રણધીરભાઈ નરેન્દ્રભાઈ જોષી ઉ.૫૧ રાતે ઘરે હતા.ત્યારે બેભાન થઈ જતાં ખાનગી હોસ્પિ.માં ખસેડાયા હતા પરંતુ હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસ હાથ ધરતા મૃતક મુંબઈની કેતુ ઈમ્પેકસ નામની કંપનીનું કામ કરતાં તે ચાર ભાઈમાં નાના હતા.સંતાનમાં એક પુત્ર છે. હાર્ટ એટેકથી મોત નિપજયું હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા કેટલાક સમયથી હૃદયરોગના હુમલાના બનાવો બની રહયા છે તેમાં ફરીથી ઉમેરો થયો છે.